
# પોતપોતાની તરસ

## (ડૉ. હર્ષદેવ માધવની કવિતાઓ)

સંપાદક

**ડૉ. અશોક ચાવડા “બેદિલ”**



# પોતપોતાની તરસ

(ડૉ. હર્ષદેવ માધવની કવિતા)

સંપાદક : ડૉ. અશોક ચાવડા

રન્નાદે પ્રકાશન

Potpotani Taras
Compilation of Dr. Harshdev Madhav's Poems
Edited by Dr. shok Chavda 'Bedil'
ISBN
RANNADE PRAKASHAN-2022
© કવિતા : ડૉ. હર્ષદેવ માધવ © સંપાદન : અશોક ચાવડા

**સંસ્થાપક**
મનહર મોદી
**પ્રેરક**
જયેશ મોદી

**પ્રથમ આવૃત્તિ**
નવેમ્બર, ૨૦૨૨

**મુખપૃષ્ઠ તસવીર**
સંજય વૈદ્ય
**આવરણ**
નિર્મળ સરતેજા
**પુસ્તક સજાવટ**
મૈત્રી પ્રિન્ટપૅક, અમદાવાદ-૩૮૦૦૧૩
**મુદ્રક**
ઈઝિ પ્રિન્ટ, અમદાવાદ-૩૮૦૦૦૧
**પ્રકાશક**
હંમેશ મનહર મોદી
રન્નાદે પ્રકાશન,
૫૮/૨, બીજે માળ, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૬૪ ફેક્સ : ૦૭૯-૨૨૧૪૬૧૦૯
ઈ-મેઈલ : rannade_2002@yahoo.com
વેબસાઈટ : www.rannade.com
**મૂલ્ય : રૂા. ૧૫૦-૦૦**

**અર્પણ**

**કવિશ્રી હરદ્વાર ગોસ્વામીને**

# અનુક્રમ


ગઝલો ..... પૃષ્ઠ

૧. ગયો છે........................................૧
૨. એ વારતામાં હોય છે........................................૨
૩. છાપાં ચૂપ છે........................................૩
૪. ગયા........................................૪
૫. છે........................................૫
૬. કોનું મકાન છે?........................................૬
૭. ફાઈલો........................................૭
૮. અવાજે હતા એ........................................૮
૯. હવાની........................................૯
૧૦. આઘા ખસો........................................૧૦
૧૧. સંચરે........................................૧૧
૧૨. ફોડે કોને........................................૧૨
૧૩. આરાધ્ય શું છે?........................................૧૩
૧૪. તું જ શ્રદ્ધેય છે........................................૧૪
૧૫. અંદર........................................૧૫
૧૬. વરસાદમાં-૧........................................૧૬
૧૭. વરસાદમાં-૨........................................૧૭
૧૮. વરસાદમાં-૩........................................૧૮
૧૯. વરસાદને........................................૧૯
૨૦. નાટ્યસંધિ ગઝલ........................................૨૦
૨૧. ઘરની સંવાદગઝલ........................................૨૧
૨૨. દૂધથી દાઝેલાની ગઝલ........................................૨૨
૨૩. ચાંદનીની જાળ લઈ........................................૨૩
૨૪. ઝાડ ફાટોફાટ છે........................................૨૪

૨૫. ક્યાં?.............................................................૨૫
૨૬. લોકકથાની નાયિકાની ગઝલ.............................................૨૬
૨૭. દોહરા ગઝલ.........................................................૨૭
૨૮. માછલી.............................................................૨૮
૨૯. અક્ષરનું આગમન.....................................................૨૯
૩૦. હતા................................................................૩૦
૩૧. સાંભળ પરીક્ષિત.....................................................૩૧
૩૨. આંખ................................................................૩૨
૩૩. સોમનાથની સાક્ષીએ...................................................૩૩
૩૪. આદિલ મન્સૂરીને.....................................................૩૪
૩૫. આજન્મ અપરાધીની ગઝલ...............................................૩૫
૩૬. રાજા-રાણીની વારતાની ગઝલ-૧.........................................૩૬
૩૭. રાજા-રાણીની વારતાની ગઝલ-૨.........................................૩૭
૩૮. રાજા-રાણીની વારતાની ગઝલ-૩.........................................૩૮
૩૯. રાજા-રાણીની વારતાની ગઝલ-૪.........................................૩૯
૪૦. ઈતિહાસ ગોતવા......................................................૪૦
૪૧. ઉતરવું..............................................................૪૧
૪૨. સોળમું વરસ.........................................................૪૨
૪૩. આંદોલન.............................................................૪૩
૪૪. પાછા વળ્યા..........................................................૪૪
૪૫. હવે ચાલો............................................................૪૫
૪૬. નદી................................................................૪૬
૪૭. જેસલમેર.............................................................૪૭
૪૮. ‘કાકુ’ શબ્દપ્રયોગની ગઝલ............................................૪૮
૪૯. જન્માષ્ટમી...........................................................૪૯
૫૦. હોય છે..............................................................૫૦


**ગીતો**


૧. હું અને મને..........................................................૫૧
૨. અર્જુનવિષાદયોગ......................................................૫૨
૩. ચાંદનીમાં ફળિયા......................................................૫૩
૪. કોઈ કળીને ફૂલ થવા આહ્વાન.............................................૫૪
૫. વાડ ઠેકતી આંખો......................................................૫૫

૬. યાદ આવે........................................૫૬
૭. પ્રણય-કલહનું ગીત........................................૫૭
૮. ચકલીઓને જોતાં જોતાં........................................૫૮
૯. શકુંતલાનું સંવેદન........................................૫૯
૧૦. શકુંતલાનું ગીત........................................૬૦
૧૧. એક દિવસની વારતા........................................૬૧
૧૨. પ્રિયતમાથી જાતને વિખૂટી કરતાં........................................૬૨
૧૩. લોચનમાં........................................૬૩
૧૪. ઉત્તરરામચરિતના રામ........................................૬૪
૧૫. જૂના તળાવે........................................૬૫
૧૬. વિષાદસભર ક્ષણોમાં........................................૬૬
૧૭. કેદીના છ સંવેદન-૧........................................૬૭
૧૮. કેદીના છ સંવેદન-૨........................................૬૮
૧૯. કેદીના છ સંવેદન-૩........................................૬૯
૨૦. કેદીના છ સંવેદન-૪........................................૭૦
૨૧. કેદીના છ સંવેદન-૫........................................૭૧
૨૨. કેદીના છ સંવેદન-૬........................................૭૨
૨૩. દરિયો ને સોમનાથજી........................................૭૩
૨૪. રિસામણામાં........................................૭૪
૨૫. તિરાડ એક અનુભૂતિ........................................૭૫
૨૬. પરાધીન નાયિકાનું ગીત........................................૭૬
૨૭. વિદાયનું ગીત........................................૭૭
૨૮. આણલદે........................................૭૮
૨૯. શહેરના એક વૃક્ષની આખ્યાયિકા........................................૭૯
૩૦. કેવડાની ભીંતમાંથી........................................૮૦
૩૧. ઢોલીનું ગીત........................................૮૧
૩૨. સામેનું ઘર અલકા........................................૮૨
૩૩. ઝૂરાપાનું ગીત........................................૮૩
૩૪. લીલીછમ ક્ષણોનું ગીત........................................૮૪
૩૫. કુંભારનું ગીત........................................૮૫
૩૬. ટહુકાઓથી લચી પડેલું આભ........................................૮૬
૩૭. મને પોતાને પામ્યો ના હોઉં એમ........................................૮૭

## અનોખી કાવ્યતૃષાનું ધબકતું ધામ : ડૉ. હર્ષદેવ માધવ

શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ ધરાવતા અદનામાં અદનાથી લઈને મૂર્ધન્યમાં મૂર્ધન્ય સાહિત્યિક જીવને એચ.કે.નાં પ્રાંગણમાં એક ધબકતા સાહિત્યકાર સાથે આત્મીય સંબંધ ન બંધાયો એવું કદાપિ બને જ નહીં એ હદે પ્રત્યેક શ્વાસે-ઉચ્છ્વાસે માત્ર અને માત્ર સાહિત્ય શ્વસતો એ જીવ એટલે સંસ્કૃત સાહિત્યના પ્રકાંડ વિદ્વાન અને બહુભાષી કવિશ્રી ડૉ. હર્ષદેવ માધવ.

અભ્યાસ માટે જોડાયો એ પહેલાનો એમની સાથેનો નામનો પરિચય. આ નામનો પરિચય એટલે કે એમના મોટા ભાઈ કવિશ્રી ભરત યાજ્ઞિક સાથે મારે સારો એવો ઘરોબો. એ ઘરોબાનું નિમિત્ત એમની સાથે એચ.બી. કાપડિયા શાળામાં ભણાવતા કવિશ્રી નલિનભાઈ પંડ્યા. આજે આ બંને સહૃદયો સદેહે હાજર નથી. ખૈર, જે હાજર છે એમનો ઉલ્લેખ કરું તો અંગત રીતે બી.કૉમ. થયા બાદ બી.એ. થવાનું વિચાર્યું અને બીજા વર્ષમાં એચ. કે. આર્ટ્સ કૉલેજમાં એડમિશન માટે જવાનું થયું. વિદ્યાર્થી છું અને બુદ્ધિપ્રકાશ, કવિલોક, કુમાર ઇત્યાદિ સામયિકોમાં કવિતા પ્રકાશિત થાય છે એટલું સાંભળીને જ લગીરે વિલંબ કર્યા વિના એડમિશન પાક્કું કરી આપનાર આચાર્યશ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ સાહેબે ડૉ. હર્ષદેવ માધવને યાદ કરીને એ વખતે કહ્યું હતું કે 'કવિ છો, તો અમારા કવિને અવશ્ય મળજો'. બસ, તે ઘડી ને આજનો દિ... માધવસાહેબ સાથે જે ઘરોબો બંધાયો તે બંધાયો.

શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજમાં સાહિત્યિક વાતાવરણ ઘડવામાં ડૉ. હર્ષદેવ માધવનો એટલો જ બહુમૂલ્ય ફાળો. કૉલેજનું વાર્ષિક સામયિક 'સાબરમતી' હોય કે એ વખતે શ્રી બ્રહ્મભટ્ટ સાહેબના સહયોગથી મેં શરૂ કરેલું હસ્તલિખિત સામયિક 'પમરાટ' હોય કે 'પમરાટ સાહિત્ય વર્તુળ હોય' – તમામમાં માધવસાહેબનો સહયોગ તો ખરો જ. ખૈર, એ વિશે વાતો કરવા બેસીશ તો પૃષ્ઠોનાં પૃષ્ઠો એનાં જ થશે. એટલે આટલેથી વિરમી વાત કરીએ કવિશ્રી હર્ષદેવ માધવની.

ડૉ. હર્ષદેવ માધવનું સાહિત્યિક પ્રદાન મૂલવવા માટે સંશોધન હાથ ધરવું રહ્યું એટલા એમનાં પુસ્તકો. એનાથી વધારે પુસ્તકો એમના પુસ્તકો વિશેનાં વિવેચનનાં. હા, અનેક વિદ્યાર્થીઓએ એમનાં સમગ્ર સાહિત્ય પર એમ.ફિલ. અને પીએચ.ડી. કક્ષાનાં સંશોધનો કર્યાં છે એટલું જ પ્રમાણ પૂરતું છે એમની અવિરત સાહિત્યિક સેવાઓનું. આમ, કવિ હર્ષદેવ માધવ વિશે એટલું લખાયું છે કે મારે કશું વિશેષ લખવાનું નથી રહેતું, પરંતુ વિદ્યાર્થીવસ્થાથી એમના પ્રત્યેનો લગાવ એટલો બધો કે એમની વિવિધ સામયિકોમાં પ્રકાશિત કવિતાઓને એકઠી કરીને એક પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાની ઈચ્છા હતી અને આજે એ ઈચ્છા પૂર્ણ થઈ.

સંસ્કૃત સાહિત્યમાં 'તવ સ્પર્શે સ્પર્શે' કૃતિ થકી ૨૦૦૬ના વર્ષનો કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા ડૉ. હર્ષદેવ માધવ એક નામ જ પૂરતું છે, પરંતુ ગુજરાતી સાહિત્યમાં પણ એમનું નામ અને કામ એટલું જ આલા દરજ્જાનું છે કે એના વિશે અલગથી નોંધ કરવી જ પડે. કારણ કે કવિ હર્ષદેવ માધવની સાહિત્યિક સફર જ એટલી નિરાળી છે કે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે કવિના સતત પોંખણાં થતાં રહે છે. આવો, આવા નિતાંત સાહિત્ય શ્વસતા સર્જકને વધારે જાણીએ અને ખૂલીને માણીએ.

૨૦ ઑક્ટોબર ૧૯૫૪ના રોજ જન્મેલા હર્ષવદન મનસુખલાલ જાનીનાં માતા પ્રાથમિક શિક્ષિકા. ભાવનગરથી સોળેક કિલોમીટર દૂર સુંદર દરિયાકિનારો. કિનારે નારિયેળીનાં વૃક્ષો. દસમા ધોરણમાં માતાની બદલી. મોટા ભાઈ ભરતભાઈ યાજ્ઞિક પાસેથી છંદોનું શિક્ષણ. પરિણામે અગિયારમા ધોરણમાં તો કવિતાઓ પ્રકાશિત થવા લાગી. કૉલેજકાળમાં સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ અને સાથેસાથે ચિત્રકારી પણ. બસ, પછી તો કવિતાની એવી લગની લાગી કે કવિએ કાવ્ય-સાહિત્યનાં તમામ સ્વરૂપો પર હાથ અજમાવ્યો એટલું જ નહીં અનુવાદ ક્ષેત્રે પણ એટલું જ કાઠું કાઢ્યું. વિદ્યાર્થીવસ્થામાં પસ્તીની લારીઓમાંથી કાવ્યસંગ્રહો મેળવીને મમળાવ્યા એમાં ઉમર ખય્યામ અને ચેખોવ જેવા સર્જકો પણ માણ્યા. નામી-અનામી સંસ્થાઓથી આરંભી રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનેક કવિ-સંમેલનોમાં હાજરી નોંધાવી.

ગુજરાતી સાહિત્યમાં પ્રદાનની વાત કરીએ તો ૧૯૮૫માં 'હાથ ફંફોસે આંધળા સુગંધને', ૧૯૯૭માં 'પાન સરનામું ન જાણે ઝાડનું આ દેશમાં', ૨૦૦૬માં 'મોબાઈલનું ભૂત' અને 'કલ્પવૃક્ષની લેખણ લઈને'. કવિ ગીત-ગઝલ, છાંદસ-અછાંદસ ઉપરાંત હાઈકુ, તાન્કા, ત્રિપદી, મોનોઈમેજ, વ્યંગ જેવાં વિવિધ પદ્ય સ્વરૂપો પર હથોટી ધરાવે છે. જેટલી સહજતાથી સંસ્કૃતમાં સર્જન થાય છે એટલી જ સહજતાથી કવિ ગુજરાતી, હિન્દીમાં કવિતા સર્જે છે એ એમની કલમની ખૂબી.

*

'પોતપોતાની તરસ' એ ડૉ. હર્ષદેવ માધવની ૫૦ ગઝલો અને ૩૭ ગીતોનો સંચય છે, જેમાંની મોટા ભાગની કૃતિઓ વિવિધ શિષ્ટ સામયિકોમાં અગાઉ પ્રકાશિત થઈ ચૂકી છે. અગાઉ પ્રકાશિત ગીત-ગઝલસંગ્રહો અને વ્યંગ કવિતાસંગ્રહો થકી એમનું કવિકર્મ પ્રસંગોપાત્ત પોંખાયું હોવાથી એની ચર્ચા અત્રે કરી નથી, પરંતુ અહીં સમાવિષ્ટ ગઝલો અને ગીતો પૂરતી જ વિગતે વાત કરી છે.

ડૉ. હર્ષદેવ માધવ ગઝલકાર તરીકે ગઝલસ્વરૂપને સિદ્ધ કરે એવા અનેક શેર પ્રસ્તુત સંપાદિત ગઝલોમાંથી નોંધી શકાય તેમ છે. એક ગઝલકાર તરીકે કવિની ખૂબી એમની શૈલી અને તાજગીસભર ભાષા છે. સંસ્કૃત સાહિત્યનો ઊંડો અભ્યાસ કવિને પરંપરા તરફ ખેંચી જાય છે તો સાંપ્રત સમય આધુનિકતા તરફ. આ બંને અસમાન ધ્રુવો કવિ પાસે એક સમાન રીતે આવે છે અને પરિણામે ભાવકને મળે છે નવીન બાની અને સહજ ભાવવિચાર. આવો, જ્યાં ભાવક તરીકે રોકાવું પડ્યું છે એવા કેટલાક શેર સાથે ગમતાનો ગુલાલ કરીએ.

**ભૂલી ગયો દુઆ હું, એ પણ રહ્યો નિરુત્તર,**
**ક્હેજો ખુદાને બંદો એનો મળી ગયો છે.**

*

**એકલી જાતી નદીને વાદળાં,**
**આંતરી રસ્તો જ લૂંટી જાય છે.**

*

**નહિ તો ઉદાસીઓ રહેત કોના આશરે,**
**મારા સિવાય કોણ અહીં ખાનદાન છે?**

*

**ગમે ત્યાં ને ત્યારે મળે એ મજાથી,**
**ખુદા જેટલી સાદગી છે હવાની!**

*

**બે મળેલા જીવ ભેગા થાય છે, આઘા ખસો;**
**એક-બે માળા નવા બંધાય છે, આઘા ખસો.**

*

**બધું બા'ર પોકળ બધી ગૂંચ અંદર;**
**ખરેખર ખરું ક્યાં મળે છે દિગમ્બર?**

*

**ઘાસ માફક પંડ્યમાં ઊગે બધીયે યાતના,**
**માંહ્ય જ્યાં ચૂવા બધા ઝીલાય છે વરસાદમાં.**

*

**હું યમુનાનો ધરો કે વાંસળી, ગોપીની વિહ્વળતા,**
**મને મારા વિશે હું-મય બની મારું સ્મરણ પ્રસવે.**

અહીં સમાવિષ્ટ ૫૦ ગઝલો પૂરતી જ ગઝલબાનીથી ડૉ. હર્ષદેવ માધવને મૂલવીશું તો એમના પ્રદાનને પૂરો ન્યાય નહીં આપી શકાય, પરંતુ હાલ અન્ય કૃતિઓ પાસે જવાનો અવકાશ પણ નથી.

ડૉ. હર્ષદેવ માધવ ગઝલકાર તરીકે ગઝલમાં અનેક પ્રયોગો કરે છે એટલું જ નહીં એ પ્રયોગો આસ્વાદ્ય બની રહે એટલી માત્રામાં કવિત્વને સીંચે પણ છે. વાક્યમાં વિરામચિહ્નોના ઉપયોગને લીધે અને બોલચાલનાં લહેકાને લીધે અર્થપરિવર્તન થાય તે કાકુ કહેવાય. કવિની કાકુગઝલ એ રીતે નોંધપાત્ર છે.

**હું - તમે - નહોતા - અને એ ચાંદની,**
**હું... તમે નહોતા... અને એ ચાંદની,**
**શ્વાસ, થોડા વાયરાઓને નહીં!**
**શ્વાસ થોડા, વાયરાઓયે નહીં?**

**એક હું વરસાદમાં કોરો રહું?**
**એક હું વરસાદમાં કોરો રહું.**
**કે મને તો ઝાપટાંઓયે નહીં!**
**કે મને તો ઝાપટાંઓયે નહીં?**

કવિ સંસ્કૃત સાહિત્યના પ્રાધ્યાપક રહ્યા છે. સંસ્કૃત નાટકોમાં આવતા પાંચ સંધિનું - મુખ, પ્રતિમુખ, વિમર્શ, અવમર્શ, નિર્વહણ - 'નાટ્યસંધિ ગઝલ' સ્વરૂપે પાંચ શેરોમાં એક પ્રસ્તુતીકરણ કર્યું છે, તો 'ઘરની સંવાદ ગઝલ' પણ લખી છે, જેમાં ભીંતો, બારી, બારણાં, છજું, મોભ, રવેશ, ઓસરી અને શયનકક્ષનું ચિત્રાત્મક નિરૂપણ છે. આ જ રીતે 'આંદોલન' ગઝલમાં પણ બંધનું એલાન, પથ્થરમારો, ટીયરગૅસ, ધરપકડો, ફાયરિંગ, કરફ્યૂગ્રસ્તતા અને પછી... એમ સંવેદનાના આંદોલનની પ્રસ્તુતિ છે. 'દૂધથી દાઝેલાની ગઝલ', 'લોકકથાની નાયિકાની ગઝલ', 'દોહરા ગઝલ', રાજા-રાણીની વાર્તાગઝલ-ગુચ્છ આસ્વાદ્ય છે. 'છાપાં ચૂપ છે', 'ચરકલડી અમે' જેવી રદીફનું પ્રયોજન પણ કવિની પ્રયોગશીલતાનું સૂચક છે.

આધુનિક કવિ અંગ્રેજી શબ્દોને પ્રયોજવાનું પણ નથી ચૂકતા. અલબત્ત, ફ્લેટ, કોમિક્સ, વીડિયો ગેમ્સ, કેલક્યૂલેટર, સ્ક્રીન, બૂકે, બોસ, ઑફિસ, ચેક, ઓહ ગોડ જેવા શબ્દો હવે બોલચાલમાં સહજ છે. આ અંગ્રેજી શબ્દો શેરમાં 'દૂધમાં સાકર' જેમ ભળી જાય છે એટલે આગંતુક પણ નથી લાગતા. માત્ર આધુનિકતા કે અંગ્રેજી શબ્દોના પ્રભાવે જ અહીં એ આવ્યા હોય એવી પણ પ્રતીતિ નથી થતી, કારણ કે સમગ્રતયા આજની ગઝલોમાં પણ આ શૈલી ખૂંચતી નથી.

**ફ્લેટ માફક સાવ ખાલી નીડ છે, ટહુકા નથી,**
**ક્યાં ગયાં પંખી બધાં રહેંસાઈ - છાપાં ચૂપ છે.**

*

**સ્ક્રીનનાં દૃશ્યો સમી ઓળખ રહે ક્યાં જીવની,**
**પ્રેમના 'બૂકે' હતા સૌ... તોય ફેંકાતાં ગયા.**

*

**'બોસ' હાજર હોય ના ત્યારે સતત,**
**રોજ અંદર ચણભણે છે ફાઈલો.**

*

**વેદનાનો સાવ કોરો 'ચેક' છે આ ઝાપટાં,**
**આંખમાં આંસુ કહી ક્યાં રાખીએ વરસાદને?**

*

**મારા જ હાથમહીં છે જાસો મેં લખેલો,**
**O, God ! શબ્દ અથવા નિંભાડે સળગવું!**

અલબત્ત, અંગ્રેજી શબ્દોનું પ્રયોજન દર વખતે કવિને ઉપકારક રહ્યું છે એવું પણ નથી. સ્ટોપરનું બહુવચન સ્ટોપર્સ થાય અને એટલે જ સ્ટોપરો ખૂંચે પણ છે.

**ભીંત વચ્ચે છે દિવસના હાથપગ બંધાયલા,**
**બારણાંને સ્ટોપરો રાખી રહી છે બાનમાં.**

ગઝલકાર માધવની જેમ જ ગીતકાર માધવ પણ એટલા જ જાણવા, માણવા, પ્રમાણવા ગમે છે. કવિ પાસે જેટલી સહજતાથી છંદ આવે છે એટલી જ સહજતાથી લય પણ. કવિએ ક્યાંક લોકલયને વાચા આપી છે, તો ક્યાંક ભાવ-સંવેદનાને અનુરૂપ લય નિરૂપ્યો છે. ગીતોમાં ભાષા અને ભાવ બંનેની તાજગી વર્તાય છે. અલબત્ત, અહીં સમાવિષ્ટ તમામ કૃતિઓની રચનાકાળ ૧૯૬૮-૨૦૦૮ની આસપાસનો છે, એ જોતા ભાવસમૃદ્ધિની રીતે પણ પ્રસ્તુત સંચય માણવો ગમે છે.

તાંબાની તાંસળીમાં શેડકઢું દૂધ -
જાણે ચાંદનીનું એક નવું રૂપ
દાદાની વારતાને સાંભળતા હોય એવા
ટાબરિયાં - તારા - સહું ચૂપ

*

તને ગોતવા બેસું હું કઈ ખિસકોલીની ઝડપે
ખોડંગાતા પતંગિયાઓ અહીંથી તે તહીં તલપે
વચ્ચે આંતરવા બેઠેલી વાડ ઠેકતી આંખો
આ મૂર્છિત ઘરની બારીને કોઈ વિંઝણો નાખો!

*

તું જ્યારે ટીપુંયે દઈ નથી શકતી
તું સરવાણી હોય તો એ અફવા
વેદનાની ડાળ મારા હાથ અને
વૈશાખી તડકો તે હાથમાંનો લકવા

*

પાણીના કલ્પેલા હોજ છે - હયાત; હોજ
છે ને પાણીનું નથી ટીપું
ખાલી પરસાળને હું શણગારું કેમ
મારો પડછાયો કેટલો હું લીંપું?

*

કેડિયાની કસો ફાટફાટ થાય એવી રીતે ચોમાસું પહેરે તળાવ
એક્કેય ધોણ ન પડેલ એવું પાણીનું કપડું એ સમજે સ્વભાવ

*

છે મારા લોહીમાંય એવું રણ એક
જેમાં વ્હે છે જે કૈંક એ છે રેતી
છેડો ગોતું છું મારી ઈચ્છાનો
ચાર દિશા સરી જાય હાથતાળી દેતી

*

અમને હતું કે એક ઓરડો ઉમંગ
અમે આણામાં પાથરેલો જોશું

**રેતી થઈ બેઠેલી શેતલને કેમ કરી**
**દરિયાનું દુઃખ અમે રોશું?**

ગઝલકારની તુલનામાં ગીતકાર હર્ષદેવ માધવ વધારે તાજગીસભરસંસ્કૃત સાહિત્ય હોય અને શકુંતલાનું સ્મરણ ન થાય એવું સંભવે જ નહીં. કવિની ભીતરનો સંસ્કૃત કવિ ગુજરાતી કવિ પાસે પણ શકુંતલા-કાવ્યો લખાવે છે. 'શકુંતલાનું સંવેદન'ગીતમાં 'સખી, મને વલ્કલ જરાક ઢીલું બાંધ...' એવા ઉપાડથી શકુંતલાની લાગણીઓને વાચા આપી છે.

**પગવાસી થાકને હું રસ્તો પૂછું તો પછી**
**પાંપણમાં ઝરણું છલકાય**
**મારી છાતીમાં મારા પાળેલા હરણાની**
**ઠેક મને આજે અથડાય**

તો 'શકુંતલાનું ગીત'માં પણ શકુંતલામય થવાયું છે.

**પાણીની માયાવી પાથરેલી જાળ**
**એમાં દુર્ભાગી હું છું કે દરિયા?**
**પથ્થર ફેંકું કે ફૂલ સંભવે તરંગ કેમ?**
**સગપણમાં પથ્થર છે અહીંયાં**

કવિએ 'ઉત્તરરામચરિત્રના રામ' ગીતમાં રામની સંવેદનાને બખૂબી વર્ણવી છે.

**ડુંગરા ન હોત તો આ વનને હું એનું એ**
**વન પણ શકત નહીં માની**

**બની ગયા ફકત હાડપિંજર આ ડાળખાના**
**વહાલથી ઉછેર્યા તેં ઝાડ**
**છોડ તો નમાયા કોક ઘટાટોપ જોઉં જેઓ**
**પામ્યા ન હોય તારા લાડ**
**ભીંજાતા હતાં બેઉ જળથી તે ઝરણાંની**
**રેતીમાં ભીંજવું છું પાની**

'કેદીનાં છ સંવેદન' ગીત-ગુચ્છમાં કેદ અને કેદીની વિવિધ અર્થછાયાઓનાં ચિત્રો છે. પટલભાઈ ઉક્તિ સાથેનું 'પરાધીન નાયિકાનું ગીત' કવિની ગીતક્ષમતાને ભાવક સમક્ષ મૂકી આપે છે.

'ઢોલીનું ગીત' કવિની સામાજિક નિસબતનું ઘોતક છે. જે ઢોલી ઢોલનાં તાલે સહુને ઝૂલાવે છે, એ જ ઢોલીને એનો માંહ્યલો કેટકેટલી પીડાથી હુલાવે છે એનું તેજાબી બયાન પ્રસ્તુત ગીતમાં છે.

**થાપીના ઘાવ કાળા ડમ્મર ઝીંકાય**
**મારા ખાલીપા તોય નથી તૂટતા**
**દાંડિયુંની ત્રમઝૂટે દોથો પોલાણ મારા**
**ચામડાનાં કેમ નથી ફૂટતાં?**

એ જ રીતે 'કુંભારનું ગીત' પણ કવિની સંવેદનક્ષમતાનું પ્રતિબિંબ બન્યું છે.

**હુંયે જાણું છું મારે પાણી પીવું છે અને**
**વાસણના ઘાટ બધા સાંકડા**
**ખોદીખોદીને બીજું શું હું લાવ્યો છું**
**મારા પહેલાના પંડ્યના જ છાલકા**

આમ, ગીતકાર માધવ પણ એટલા જ મનનીય બની રહે છે. અહીં પ્રસ્તુત ગીતોમાં ઘણી જગાએ પ્રાસ ચુસ્ત નથી રહ્યા, પરંતુ ભાવમાં લગીરેય ઊણા ન હોવાથી આસ્વાદ્ય બની રહે છે.

ભાવકોની કાવ્યક્ષુધાને પ્રસ્તુત કૃતિઓ વધુ ખીલવશે એની લગીરે શંકા નથી. અંતે, એટલું જ કે સંસ્કૃત સાહિત્યમાં પોંખાયેલું આ નામ ગુજરાતી સાહિત્યમાં પણ એ જ શિખરો સર કરવા તત્પર છે એની પ્રતીતિ 'પોતપોતાની તરસ' સંપાદનમાંથી પાને પાને થઈ રહે છે.

**- ડૉ. અશોક ચાવડા 'બેદિલ'**
'પીતાંબર નિવાસ',
૧૦, સૂર્યનગર સોસાયટી,
પોસ્ટ ઑફિસ સામે, ગાંધી આશ્રમ,
અમદાવાદ-૩૮૦૦૨૭
મોબાઈલ: ૯૪૨૬૬ ૮૦૬૩૩
ઈ-મેઈલ : a.chavda@yahoo.co.in

# પોતપોતાની તરસ

## (ડૉ. હર્ષદેવ માધવની કવિતા)

•

સંપાદક

**ડૉ. અશોક ચાવડા**

## ગયો છે

થોડો વખત તો સંપથી ટોળે વળી ગયો છે;
માણસ હતો ને એટલે જુદો વળી ગયો છે.

બંધાણ થઈ ગયું છે આ એકલાપણાનું,
ડૂમો ભરાઈ મુજમાં એ ઓગળી ગયો છે.

ગઠરીને દૂર ફેંકી ને ઓલવી ચલમને,
લાગે છે માંહ્યલાને એ પણ કળી ગયો છે.

ધૂણો ધખાવી હોમ્યાં પાણી, ગગન, હવાને,
આ ચાંદનીમાં સૂરજ જાતે બળી ગયો છે.

દરિયા તરફ નદીએ એનાં કદમ ઉપાડ્યાં,
અંદરથી પ્હાડ આખો આ ખળભળી ગયો છે.

ભૂલી ગયો દુઆ હું, એ પણ રહ્યો નિરુત્તર,
ક્હેજો ખુદાને બંદો એનો મળી ગયો છે.

## એ વારતામાં હોય છે

ધડ વગર માથાં લડે એ વારતામાં હોય છે;
સ્વપ્ન પણ સાચાં પડે એ વારતામાં હોય છે.

વાળની લટ જોઈને એ સુંદરીને શોધીએ,
એ જ ટ્રાફિકમાં જડે એ વારતામાં હોય છે.

શબ્દમાં આરાધવા બેસો તમે જ્યાં મૌનને,
ત્યાં જ ગંગા સાંપડે એ વારતામાં હોય છે.

એ કશું બોલે નહીં, પ્રશ્નો જ ભીડ્યા હોઠમાં,
ઉત્તરો સૌ આવડે એ વારતામાં હોય છે.

પોતપોતાની તરસ લૈ સૌ મુસાફર નીકળ્યા,
ઝાંઝવાં છલકે ઘડે એ વારતામાં હોય છે.

જિંદગીનો ફૂટલો કુંજો ફગાવ્યો, ભાગ્ય ત્યાં,
લ્યો ચડાવે ચાકડે એ વારતામાં હોય છે.

## છાપાં ચૂપ છે

એક માળામાં બજી શરણાઈ - છાપાં ચૂપ છે;
ફૂલ ભમરાથી ગયું ભરમાઈ - છાપાં ચૂપ છે.

શ્હેર વચ્ચે ભરબજારે લ્યો અમે શરમાઈ ગ્યા,
ચોક વચ્ચે ચાંદની અથડાઈ - છાપાં ચૂપ છે.

ગૂંજ ભમરાની નથી, ક્રીડા ન નટખટ હાસ્યની,
બાગમાં ફૂલો ગયાં ખોવાઈ - છાપાં ચૂપ છે.

ફ્લેટ માફક સાવ ખાલી નીડ છે, ટહુકા નથી,
ક્યાં ગયાં પંખી બધાં રહેંસાઈ - છાપાં ચૂપ છે.

મ્હેકતી કળીઓ, ગહેકતી કોયલો કુંજે હતી,
એ બજારુભાવથી વેચાઈ - છાપાં ચૂપ છે.

તેજના ઝરણે નગર તુજ ન્હાય છે અંધારમાં,
ઝૂંપડાંની રોશની લૂંટાઈ - છાપાં ચૂપ છે.

રોશની ચિક્કાર ઢીંચી તુજ નગર બેહોશ છે,
ફૂટપાથે જિંદગી મુરઝાઈ - છાપાં ચૂપ છે.

## ગયા

શ્હેર લંબાતાં ગયાં ને છેક લંબાતાં ગયાં;
જંગલોને છેતરીને જંગલો ખાતાં ગયાં.

વૃક્ષના માળા હતા, છાયા હતા, નદીઓ હતી,
શ્હેરનો પંજો પડ્યો ત્યાં એ ય રહેસાતાં ગયાં.

વાઘ છે કોમિક્સમાં ને વારતામાં સિંહ છે,
એક માણસથી બધાયે જીવ ટૂંપાતાં ગયાં.

સાવ સૂનાં બાળપણ ખોવાય વીડિયો ગેમ્સમાં,
આંગણા, શેરી,ગલીમાં શોર – ખોવાતાં ગયાં.

દાવપેચોમાં કપાયા છે પતંગો પ્રેમના,
કેલક્યૂલેટરના સંબંધો સાવ ભૂંસાતાં ગયા.

સ્ક્રીનનાં દૃશ્યો સમી ઓળખ રહે ક્યાં જીવની,
પ્રેમના 'બૂકે' હતા સૌ... તોય ફેંકાતાં ગયા.

# છે

શબ્દ પથ્થર જેમ જ્યાં ફેંકાય છે;
કાચનાં દિલ કેટલાં તરડાય છે.

ચાંદ, તારા ને સખાવત સ્વપ્નની,
સૂર્ય કરતો જાય છે, બુઝાય છે.

ઘા કરે છે વૃક્ષ પર તુજ હાથ ત્યાં,
કાળજું મુજ લોહીથી ભીંજાય છે.

એકલી જાતી નદીને વાદળાં,
આંતરી રસ્તે જ લૂંટી જાય છે.

ચાંદની પીતો રહ્યો દરિયો હવે,
પેટ ફાટે એટલો અકળાય છે.

શ્હેરને ખાલી કરી સુખ તો ગયું,
કોઈના ચ્હેરે ન એ દેખાય છે.

## કોનું મકાન છે

ખખડાવું દ્વાર પૂછતો 'કોનું મકાન છે?'
ને બારણે જ તું પૂછે કે 'સાનભાન છે?'

નહિ તો ઉદાસીઓ રહેત કોના આશરે,
મારા સિવાય કોણ અહીં ખાનદાન છે?

વરસાદ એટલે કે 'આવવું' 'ન આવવું',
ક્યાં શક્યતાને કોઈનાય આંખકાન છે?

આ રાત, એકલી ક્ષણો, સણકાઓ કાળજે,
તારા 'અભાવ'- રાજયના ડંકા નિશાન છે!

છે આરઝૂઓ, ખ્વાબ છે, થોડાક શબ્દ છે,
ને ચાહતોનો બાગ આ તદ્દન વિરાન છે.

## ફાઈલો

વેદ પણ ખોટા ભણે છે ફાઈલો;
એકલા રૂપિયા ગણે છે ફાઈલો.

કાગળો, પસ્તી, તુમારો, લાલચો,
રાક્ષસી થઈને જણે છે ફાઈલો.

શ્વેત ખાદી જેમ જુઠ્ઠાણાં સતત,
અર્ધસત્યોમાં વણે છે ફાઈલો.

'બોસ' હાજર હોય ના ત્યારે સતત,
રોજ અંદર ચણભણે છે ફાઈલો.

કૈંક અરજીઓ મરી ગઈ રાહમાં,
ભાગ્યની કબરો ચણે છે ફાઈલો.

રોજ ઑફિસમાં જ ઊંઘે આળસુ,
બસ પગારોને ગણે છે ફાઈલો.

ક્યાં અહીં આવ્યા, સમયને વેડફ્યો?
માખ સાથે બણબણે છે ફાઈલો.

દેશ જહન્નમમાં જતો, છો જાય તો,
સ્વાર્થ આડે શું ગણે છે ફાઈલો?

## અવાજે હતા એ

કર્યો પ્રેમ એને, રિવાજે હતાં એ;
અમે તો કિનારે, જહાજે હતાં એ.

સુરાલય સુધી માંડ પહોંચ્યાં ચરણ ત્યાં,
કદમ દૂર પંદર, નમાજે હતાં એ.

અમે વૃક્ષ થઈ આભનો અર્થ પામ્યા,
વિહગના અવાજે અવાજે હતાં એ.

વસંતો લૂંટાવી અમે આરઝૂમાં,
ઉપેક્ષાભર્યા હર તકાજે હતાં એ.

રહી સાવ ખામોશ પાતાળ ડૂબ્યાં,
અવાજોના ભરચક સમાજે હતાં એ.

સ્મશાનો બનાવી અમે જિંદગાની,
શરમભેર પડદે જનાજે હતાં એ.

## હવાની

તમારી નથી, જિંદગી છે હવાની;
હકૂમત મરો ત્યાં લગી છે હવાની.

ખભે પાલખી લે સમંદરનાં મોજાં,
વસંતોને રસ્તે બગી છે હવાની.

ખર્યાં ઓસનાં આંસુઓ ભાવભીનાં,
અદબ મૌનની બંદગી છે હવાની.

સ્વયંને લૂંટાવે, ફરે છે ફકીરી,
સખાવતની આવારગી છે હવાની.

ગમે ત્યાં ને ત્યારે મળે એ મજાથી,
ખુદા જેટલી સાદગી છે હવાની!

ગુનેગાર માફક બુકાની કાં બાંધી?
મનુષ્યે દીધી માંદગી છે હવાની.

અજાણ્યા રહ્યા - શ્વાસ રૂંધાય ત્યાં લગ,
અરે! જિંદગી ક્યાં સગી છે હવાની!

## આઘા ખસો

બે મળેલા જીવ ભેગા થાય છે, આઘા ખસો;
એક-બે માળા નવા બંધાય છે, આઘા ખસો.

કૈં સુગંધોની હજી છે શક્યતા ઉદ્યાનમાં,
આ કળી ખૂલી જતાં શરમાય છે, આઘા ખસો.

છે મિલનની આરઝૂ, વાદળ ન વરસે જો હજી,
ક્યાંક કોકિલ વ્યગ્રકંઠે ગાય છે આઘા ખસો.

ખાનદાની જાળવે છે રૂપને સંતાડતી,
દેડકી કાંઠે બિચારી ન્હાય છે, આઘા ખસો.

જાળ નાખીને કિનારા મત્સ્યની હત્યા કરે,
જળ ગુનામાં બાપડું સપડાય છે, આઘા ખસો.

શ્હેરમાં, અડફેટમાં લે યંત્ર કાં તો વાહનો,
જીવતા મડદાં બધે ભટકાય છે, આઘા ખસો.

સૌ બહારો મસ્ત થઈ લૂંટી-ભરી મહેફિલ ત્યજી,
એક શાયર મૌન થઈને જાય છે, આઘા ખસો.

## સંચરે

પાછલી રાત જ્યાં પોપચેથી ખરે;
પ્રાણ આ ચિત્તની કાંચળી પરહરે.

રેશમી રેશમી પાંચ પડદા હલે,
શ્વાસની ઝાલરો સ્પંદનો શું કરે!

બેઉ કાંઠા શમે, જળ-પ્રવાહો શમે,
માંહ્ય રત્નાકરો સામટા સંચરે.

શંખનો નાદ ઓ પારથી આવતો,
પૂર્ણ છે કુંભ એમાં હવે શું ભરે?

દ્વાર ખૂલ્યાં, કળશ ઢોળશે હાથણી,
એ જ કંઠ, વરમાળ જેને વરે.

## ફોડે કોને

ફેંકે તો પણ ફોડે કોને?
પ્રતિબિંબો છે - જોડે કોને?

પરપોટામાં હાથ પરોવી,
હવા સમું તરછોડે કોને?

રણ છે બળબળતા લોહીનું,
અહીં પાંદડાં ચોડે કોને?

છું ખંડેર અતીતે ઉજ્જડ,
જિજીવિષામાં ખોડે કોને?

પાણીમાં છે તરંગ થોડા,
જોડો છો અંકોડે કોને?

પરોવવા માધવ ક્યાં મળશે?
પરખો સાંઈ! હથોડે કોને?

## આરાધ્ય શું છે ?

નથી સીમ આકાશની - બાહ્ય શું છે?
ઉજાસે નિરાકાર - આરાધ્ય શું છે?

હતી ભીંત એ ઓગળી ગઈ - ગળી ગઈ,
હવાના મહલમાં હવે બાધ્ય શું છે?

પ્રવેશ્યા કિનારેથી પાછા અગાધે,
હલેસું પડ્યું ત્યાં - હવે સાધ્ય શું છે?

શમે એક દરિયા પછી અન્ય દરિયો,
હૃદયને પછી નિંદ્ય કે શ્લાઘ્ય શું છે?

હવે સાવ ભૂંસાઈ ગઈ 'તું'ની સરહદ
ગમે તે કહોને - દુરારાધ્ય શું છે?

## તું જ શ્રદ્ધેય છે

પાત્ર પરિમેય હો, ક્યાં તૃષા મેય છે?
હો પિપાસા પછી રિક્તતા પેય છે.

વૈખરીને ત્યજી ભેદને ભાખવા,
મૌન તારું અકળ ને પરા-જેય છે.

ગાઢ અંધાર ને અગમ એકાન્તમાં,
પ્રાપ્ય છે કૈં નહીં - ના કશું હોય છે.

આ તરફ વાઘ ને તે તરફ છે નદી,
જે ત્રિભેટે - તમસ પાર એ ધ્યેય છે.

સ્પંદનો હોય જો નિર્ઝરોથી ભર્યાં,
તો શિલાના કણેકણ પછી ગેય છે.

હો હૃદય મૂક, હો દ્વાર બીડાયલાં,
અવરને મૂર્તિમાં તું જ શ્રદ્ધેય છે.

## અંદર

બધું બા'ર પોકળ બધી ગૂંચ અંદર;
ખરેખર ખરું ક્યાં મળે છે દિગમ્બર?

ન એની બુકાની કરે દૂર કોઈ,
બધા આપ્ત છે એટલું ફક્ત અંતર.

ભલે 'જળ' સમો શબ્દ ના સાંભળ્યો પણ,
અમે આમ વાંચી લીધા છે સમંદર.

બધું સાચવી-સાટવી ગાંઠ બાંધ્યું,
છતાંયે ભૂલાઈ ગયું કંઈ સદંતર.

ગળી ગઈ હવે રાત આ વારતામાં,
કહે વાત કઈ, એય તૂટેલ જંતર?

## વરસાદમાં-૧

ઘાવ રૂઝેલા ય તાજા થાય છે વરસાદમાં;
ડંખ ત્યાં પાછા નવા તોળાય છે વરસાદમાં.

જો પલળવા નીકળો તો સાવ કોરા આવશો,
કેમ લથબથ આયના ભીંજાય છે વરસાદમાં ?

કો'ક છતરી ઓથમાં થોડાક છાંટા રોકશે,
રોકશે એ ? જીવ ખાંગા થાય છે વરસાદમાં.

ઘાસ માફક પંડ્યમાં ઊગે બધીયે યાતના,
માંહ્ય જ્યાં ચૂવા બધા ઝીલાય છે વરસાદમાં.

કો'ક બે કાંઠે વહે કાજળવિહોણી આંખમાં,
સાત દરિયા કોઈમાં સુકાય છે વરસાદમાં.

## વરસાદમાં-૨

આજ મન દાદૂર થઈને નીકળે વરસાદમાં;
એટલે ખાબોચિયું સામે મળે વરસાદમાં.

કાળજાની ઢાલ ત્યારે દૂર ફંગોળાય છે,
ઝાટકામાં વીજળી જ્યાં ઝળહળે વરસાદમાં.

કોઈ ચાતક જેમ આ આષાઢને પીધા કરે,
કોઈ છતરી જેમ ખાલી ટળવળે વરસાદમાં.

મોરનો ટહુકો બની સોરાય લોહી પંડ્યમાં,
આજ બે કાંઠે બધાંયે ખળભળે વરસાદમાં.

હોય મુશળધાર કે કાં હોય ઝરમર ઝૂરવું,
હોય છે ફોરાં, છતાં માટી બળે વરસાદમાં.

જીવમાં સોડમ ભળે, નેવાં બને છે લોચનો,
ને હૃદયમાં કેટલી પીડા ફળે વરસાદમાં.

ઘાસમાં ફૂટી રહી છે પ્રીત ધરતીની અહીં,
માણહે ગતજન્મના 'માણહ' ભળે વરસાદમાં.

## વરસાદમાં-૩

સાચવેલો જીવ આ અડધો થયો વરસાદમાં;
મોરનો ટહુકો જડ્યો, સણકો થયો વરસાદમાં.

પાનમાં મર્મર થયો ને ઝાડમાં પગરવ થયો,
લોહી સોંસરવો પછી રસ્તો થયો વરસાદમાં

ઝાપટાં વરસ્યાં, નયન વરસ્યાં અને આ યાદ પણ,
કાળજે પીડા તણો ફણગો થયો વરસાદમાં.

આમ તો ખાંગા થયાં'તાં યાદનાં નેવાં બધાં,
પ્રાણમાં ચીરો છતાં અમથો થયો વરસાદમાં.

આ કબરની પાળ પર ઊગ્યાં તૃણો લીલાં ફરી,
કે ગયા ભવનો નવો નકશો થયો વરસાદમાં.

## વરસાદને

આપણે વરસાદ જેવા લાગીએ વરસાદને;
એમ અનરાધાર આજે પામીએ વરસાદને.

એય રૂઠેલા સનમની જેમ મૂંગો હોય તો,
મોરનો ટહુકો લઈ બોલાવીએ વરસાદને.

ઘાસ થઈને ઝીલીએ કે પાન થઈને ચૂમીએ,
કંઠ થઈ આકાશનો આલિંગીએ વરસાદને.

રણ બની ઝૂર્યાં હતાં, સળગ્યાં હતાં ઊષર બની,
તો હવે છાતીની સરસો ચાંપીએ વરસાદને.

વેદનાનો સાવ કોરો 'ચેક' છે આ ઝાપટાં,
આંખમાં આંસુ કહી ક્યાં રાખીએ વરસાદને?

મૂઢ હૈયે યાદનાં ખૂલી રહ્યાં શાકુન્તલો*,
ચાલ ને માથે મૂકીને વાંચીએ વરસાદને.

***જર્મન મહાકવિ ગેટેની યાદ સાથે**

## નાટ્યસંધિ* ગઝલ

**મુખ :**
વૃક્ષની પહેલી પ્રસૂતિ જેમ એ;
વિશ્વ એકીભૂત લાગે તું-રૂપે.

**પ્રતિમુખ :**
વૃક્ષ-તરણાં-જળ-નદી ને પંખીઓ,
આ બધું કોણે લખ્યું તારા વિશે?

**વિમર્શ :**
હાથ તારા હાથ છે કે વાદળી,
કેટલા આષાઢ શ્રાવણ આપણે?

**અવમર્શ :**
ઊંટ શ્વાસોશ્વાસમાં બેસી પડ્યાં,
રણ હજી એકાંતનું ક્યાં ક્યાં હશે?

**નિર્વહણ :**
શક્ય છે કે હોય ના યમુના બધે,
પણ 'તમે' ને 'હું' જ વૃન્દાવન બને.

***સંસ્કૃત નાટકોમાં આવતા પાંચ સંધિનું ગઝલમાં પાંચ શેરોમાં એક પ્રસ્તુતિકરણ**

# ઘરની સંવાદ ગઝલ

**ભીંતો :**
શ્વાસો ભીંસાય એટલી આ સંકડાશ છે.
**બારી :**
નાસી છૂટાય ક્યાંકથી, કોની તલાશ છે.
**બારણાં :**
હે લાભ શુભ! ક્યાં મરી પરવાર્યા છો તમે?
રૂંધાઈ જતા જીવ! ક્યાં તણખો પ્રકાશ છે?
**છજું :**
અહીંથી પસાર થઈ છે ઋતુ નામની બે ક્ષણ,
દર્પણના નામે વૃક્ષ પર ઊગ્યા પલાશ છે.
**મોભ :**
બોલો ખવાયેલી ભીંતો ત્રિશંકુ કોણ છે?
લટકું છું ખંડ વચ્ચે કે તોળાતી લાશ છે!
**રવેશ :**
ડમરી, હવા, નજર, સડક, ખાલી વળાંક આ,
ખેલાડી! આ જુગાર પ્રતીક્ષાની 'તાશ' છે.
**ઓસરી :**
લાગે છે ખોળો પાથરીને માગવાનું સુખ,
કોઈનું આવવું - જવું કેવી લીલાશ છે!
**શયનકક્ષ :**
બે શ્વાસ જેવી સંકડાસ આંખ એથી બંધ,
સ્વપ્નોની ઠીક છે કે સ્હેજ મોકળાશ છે.

## દૂધથી દાઝેલાની ગઝલ

મન હતું ખંડેર એનો શ્વાસ ત્યાં સદ્ગત હતો;
આયના ખાલી હતા આભાસ ત્યાં સદ્ગત હતો.

હાડપિંજર થઈ ગયો દરિયો પછી એક્ ઝાટકે,
કે નદીનાં જળનો હર ઉચ્છ્વાસ ત્યાં સદ્ગત હતો.

બાળવિધવા લાગણી ને વાસના ગંગાસ્વરૂપ
કોઈ ઇચ્છાનો દિવાને-ખાસ ત્યાં સદ્ગત હતો.

હા! ગયાં શ્રીજીચરણ છાતી અને બે ધ્રાસકા,
લોહીનો આછો ભૂરો ઈતિહાસ ત્યાં સદ્ગત હતો.

ઝૂરવાનો આમ અંતેવાસ ત્યાં પૂરો થયો,
કે નદી સુકાઈ ઉપરવાસ ત્યાં સદ્ગત હતો.

કોઈ ન્હોતું આમ પણ મારા વિધુર આ હોઠને,
રાંડ ચારે ભીંતનો સહવાસ ત્યાં સદ્ગત હતો.

## ચાંદનીની જાળ લઈ

ક્હેવાય છે કે કોઈ પરી છે તળાવમાં;
તું ચાંદનીની જાળ લઈ રોજ આવ મા.

આ ગાઢ છાંયડા અને ફૂલોની ગંધમાં,
જાણે પ્રવેશ મેં કર્યો તારા સ્વભાવમાં.

આખ્ખોય બેટ ફીણ ફીણને બીછાવશે,
કઈ લ્હેરખી વસંતની આવી છે નાવમાં.

લે કોઈ હસ્યું, એના તરંગો છે જળ વિશે,
અહીંયાં દરેક સ્વપ્ન છે તારા પ્રભાવમાં.

## ઝાડ ફાટોફાટ છે

ઝાડવાનો પાંદડાને ઘાટ છે;
ઝાડને કાં પાન સાટોસાટ છે.

એક તરણાને પગે ખાલી ચડે,
વન-ક્ષિતિજનો એ જ ઉશ્કેરાટ છે.

જળ મળે એને પલળવું ના કહો,
સાત દરિયા કેમ મેલાદાટ છે ?

નાસવાનું હોય તે ઝરણું બને,
પ્હાડમાં બસ પ્હાડ મુશ્કેટાટ છે!

ઝાડ વત્તા ડાળ વત્તા પાંદડાં,
ઝાડવાંમાં ઝાડ ફાટોફાટ છે.

## ક્યાં?

દરિયો કૂદી શકાય, પણ એવી છલાંગ ક્યાં?
આ ઝાંઝવામાં બેસવું ઘોડો ફલાંગ ક્યાં?

શૈશવની એ નદી-ધરો સૂકાઈ તો ગયો,
જઈને હવે ડૂબી શકાય છે એમાં ‘ભુસાંગ’ ક્યાં?

વ્હેંચાઈ ગયો છું હું તારા વિશ્વમાં હવે,
મારા આ શ્વાસ પણ રહ્યા મારા સુવાંગ ક્યાં?

હું યુદ્ધમાં થયેલ છું ખંડેર ભસ્મસાત્,
ક્યાં હાવળ્યું? ક્યાં ગઢ? ને છે કિલ્લાની રાંગ ક્યાં?

લૂંટી રહ્યા છે અર્થ મને, હું ય પાયમાલ,
શબ્દોની ક્યાં બુકાની છે, કડિયાળી ડાંગ ક્યાં?

## લોકકથાની નાયિકાની ગઝલ

પાન તોડ્યાનું છે અમને આળ, ચરકલડી અમે;
એ છતાં દેશો ન, દાદા! ગાળ, ચરકલડી અમે.

ચાડિયાના રૂપમાં દરિયો સતત ઊભો રહ્યો,
એટલે સમજ્યાં નર્યો દુષ્કાળ, ચરકલડી અમે.

એક તરણું ખોઈ નાખ્યાની સજાના રૂપમાં,
વીંખીએ કાંઠા હવે રેતાળ, ચરકલડી અમે.

ક્યાંક પીડા નામના ટાપુ ઉપર ઘસડાઈએ,
કંઠ વચ્ચે ચીસ અંતરિયાળ, ચરકલડી અમે.

ડાળખીથી ચિર-વિયોગી પાનનાં વસ્ત્રો સજી,
રંગ-લીલા પૂછતાં જઈ ડાળ, ચરકલડી અમે.

ચાંચભર ચોમાસું લીધું, ચાંચભર આકાશ કૈં,
ચાંચમાં બટકું સમય-જંજાળ, ચરકલડી અમે.

રણ મળે તો પણ ઝુકાવી શિર, હવે ચાલો પસંદ,
થોરને કંઠે થશું વરમાળ, ચરકલડી અમે.

## દોહરા ગઝલ

હાથ તને હું શું કહું? લે આ કાગળ વાંચ;
સુખ કોઈ ખંડેરનું બની શકે શું રાચ?

પાણી ડૂબે તો તમે એને કહો તળાવ,
કાંઠે ચારે ભીંતના, તરડાયેલા કાચ.

પાન સમા ગુલમહોરના, કટકે કટકા શ્વાસ,
એક આબરૂદાર મન્ન - માથે કેવી ટાંચ!

કેમ ઉછેરીશું હવે ક્યાંક નમાયું જળ,
પ્રવાસ થાક્યા જીવની અડધી કોરી ચાંચ.

એક વાંઝિયા શહેરનું સપનું - તારું નામ,
કોની પાસે હું કરું મન! તું ટીપું યાચ!

## માછલી

સાગરો પડતા'તા પ્હેલાં સાવ નાના માછલી;
પણ રહો ખાબોચિયે માર્યા વખાના માછલી.

જળ કરીને દેશ માંહી રાજ્ય છે જળ નામનું,
જળના 'સુરત'માં અમે 'ગોપીપુરા'ના માછલી.

જળ અમારી જાત છે ને જળ અમારી નાત પણ,
કોઈ પણ પૂછે નહીં - બોલો, છો ક્યાંના માછલી?

ચીસમાં અવસાન પામે શબ્દનું સારેગમા,
નીરના મૂંગા થયા સાતે પિયાના માછલી.

વાવ ક્હો, દરિયા કહો, નદીઓ કહો, ખાડો કહો,
જીવના છુટાછવાયાં સાત પાનાં માછલી.

જળ ગણીને ઝંપલાવો તો એ બારીક જાળ થાય,
શ્વાસને ટૂંકાવવાનાં સો-સો બ્હાનાં માછલી.

કેમ 'દરિયો-દરિયો' રમવું, આપણે જીવ્યા-મર્યા,
ચાલ 'તળિયું-તળિયું' રમીએ સાવ છાનાં માછલી!

## અક્ષરનું આગમન

ફૂલો અડે છે જે રીતે, પથ્થર અડે મને;
કૂંપળ ન હોય ડાળની, અક્ષર અડે મને.

હું ચાડિયો ન હોઉં જાણે શું લીલાશમાં,
ઘેરી વળીને વાડથી ખેતર અડે મને.

ચોમાસાવારનું મળ્યું છે દોમદોમ સુખ,
કે લીલા ઘાસનો ફરી અવસર અડે મને.

આ ઉડ્ડયન નવું નથી, પાંખો નવી નથી,
ગભરું બિચારું આભ તે નવતર અડે મને.

મરતા હરણની ડોકમાં લથડી ગયેલું રણ,
ને ઝાંઝવાથી આંખનું અંતર અડે મને.

## હતા

એવા પતંગિયાના શાના શા કસબ હતા;
અત્યાર સુધી ફૂલના તો બંધ લબ હતા.

પ્હેલી કળીની જેમ આજે ઊઘડી છે આંખ,
સપનાંઓ એને એક બે તે ક્યાં સબબ હતાં?

તડકાઓ રઝળતા હતા શેરીમાં ગ્રીષ્મની,
એ પૂછતા'તા ચાંદનીનાં ક્યાં પરબ હતાં?

ખામોશ બની સ્થિર થયાં જળ ફરી ફરી,
કાંઠાઓ રેતથી જડ્યા એની અદબ હતા.

## સાંભળ પરીક્ષિત

પરીક્ષિત, તું સાંભળ, તું સાંભળ પરીક્ષિત;
દિવસ સાત અવધિ, હળાહળ પરીક્ષિત.

તું ભાંડે ભલે કોઈ, તક્ષકના વિષને,
ઊગે બાવળના બીયાથી, બાવળ પરીક્ષિત.

કપટ ભાગ્યનું, હોય કે નિર્મિતિ એ,
તેં ખેંચી છે મૃત્યુની સાંકળ પરીક્ષિત.

અલ્યા કાપુરુષ, દૂધ-પીતા થવું છે?
પરિસ્થિતિ કાઢે છે કાસળ પરીક્ષિત.

તું આસ્થાળુ છે, તો ભલે દોહી લે તું,
વસુકેલા ડોબાનું, આંચળ પરીક્ષિત.

ઉતરડી શકે છે તું, નિર્મૂળ થાવા,
કવચ શાપનું, શ્વાસ-કુંડળ પરીક્ષિત.

પરીક્ષિત ન હોવાનું જાણ્યું અલ્યા તેં?
કર્યું ભાગવત કોની આગળ પરીક્ષિત?

## આંખ

ચાલો કબૂલ છે કે સગાવાદમાં છે આંખ;
અથવા તો દૃશ્ય નામે, નશાવાદમાં છે આંખ.

એ આંખના લખણ તો, ક્યાંય છોડશે કદી?
ન્યૂયોર્કમાં એ છે કે, અંદાવાદમાં છે આંખ.

ફૂલી ગયલ લાશનું, એ એક ચિહ્ન છે,
પૂરગ્રસ્ત ક્ષણના એક, ગઝિયાબાદમાં છે આંખ.

એ જઈ શકી નથી, પછી આગળ વળાંકથી,
ને તે છતાં હજી, મુરાદાબાદમાં છે આંખ.

બે પાંપણોએ છત્ર કર્યું એને ઠાઠથી,
હુશ્ને જહાં બેગમ, નિઝામાબાદમાં છે આંખ.

તરડાયેલી છે સૃષ્ટિ, તિરાડોમાં કાચ છે,
છે કાચમાં તિરાડ, ચશ્માબાદમાં આંખ.

## સોમનાથની સાક્ષીએ

ચલ, તરંગોમાં ફરી પડઘાઈએ;
સ્વપ્ન-રંગોમાં ફરીથી નાહીએ.

સૂર્યના તડકાના શઢ ખુલ્લા થયા,
કાળના લંગર ઉઠાવી ચાલીએ.

શંખમાં ભરતીનો સ્વર આલેખીએ,
છીપ ખોલીને તને સંતાડીએ.

પગને રેતીમાં ડૂબાડી મૂકીએ,
સ્પર્શમાં બે હાથને સમજાવીએ.

તેજ-છાયા-ફીણ-ને લાખ્ખો શિકર,
વ્યકતમાં અવ્યકત એવું પામીએ.

આપણા બેમાં વસેલા લોઢાને,
સામસામી ચાલ ઓળખ પાડીએ.

નામ તો ભરતીમાં ભૂસાયાં શ્રુતિ!
ચલ સમુદ્રોને ભૂંસીને નાસીએ.

## આદિલ મન્સૂરીને

શ્હેર શબવત્ જડે તે સમસ્યાઓ આદિલ;
ફૂલના ક્યાંય છે બોલ નકશાઓ આદિલ.

હોઠ તરસોનો પર્યાય ગોતી રહ્યા છે,
શબ્દના સાવ કોરા આ નકશાઓ આદિલ.

એક વરસાદ આવે અને તું જ એ હો,
એમ સાચાં પડે કોક સપનાઓ આદિલ.

શ્હેર પરબીડિયે બંધ કાગળ સમું છે,
હોય તો હોય થોડાક રણકાઓ આદિલ.

વાંઝણી આંખને હોય ખાલી નિસાસા,
સ્વપ્નને સંભવે કેમ સણકાઓ આદિલ.

શબ્દમાં વાદળું કોઈ બંધાય છે ક્યાં?
આપણે એટલે ફક્ત તરસ્યાઓ આદિલ.

# આજન્મ અપરાધીની ગઝલ

સ્વપ્ન ચીંથરેહાલ આવીને મળે તેનો ગુન્હો;
એક તરણું શ્હેર વચ્ચે ટળવળે તેનો ગુન્હો.

શ્વાસ તો સીમેન્ટ-ક્રોંકિટ-ઈંટમાં ચોંટ્યા હવે,
કોઈ ભીની ગંધ એમાં નીકળે તેનો ગુન્હો.

હે હકીકતથી વિખૂટા દર્પણો આ ખંડમાં,
ઝાંઝવા પણ ભીંતમાંથી ઝળહળે તેનો ગુન્હો.

એક પંખીનું મરણ કે ઉડ્ડયન અથવા પતન,
આ અફળ આકાશમાં શ્રદ્ધા હતી તેનો ગુન્હો.

દરવખત ઘડિયાળનો એ વેશ પ્હેરી આવશે,
મોત પણ થપ્પો દઈ પાછું વળે તેનો ગુન્હો.

એમ નામિચાપણું સાબિત થયું છે આપણું,
નાસતા ફરતા'તા પળમાં હરપળે તેનો ગુન્હો.

## રાજા રાણીની વાર્તાની ગઝલ-૧

વાંઝિયો ગઢ, દોઢીએ દરવાન ઝોલાં ખાય છે;
રાત હલકટ, દોઢીએ દરવાન ઝોલાં ખાય છે.

વાત હુક્કાંની નળીમાં ધૂંધવાઈ થીજતી,
બંધ ઘૂંઘટ, દોઢીએ દરવાન ઝોલાં ખાય છે.

બાંદીઓના કંકણોમાં કંઈ નથી ગુસપુસ હવે,
શૂન્ય પાંગત, દોઢીએ દરવાન ઝોલાં ખાય છે.

ઘોરવા માંડ્યાં પછી ચોપાટનાં યે સોગઠાં,
સબસલામત, દોઢીએ દરવાન ઝોલાં ખાય છે.

વાત શામળની અધૂરી રહી ગઈ બોંતેરમી,
સ્તબ્ધ પોપટ, દોઢીએ દરવાન ઝોલાં ખાય છે.

## રાજા રાણીની વાર્તાની ગઝલ-૨

ઓરડા ને ઓરડાનાં ચોસલા, રાણી નથી;
ને ઝરૂખાના ય ખાલી ઓરતા, રાણી નથી.

ઘૂંટ છાતીફાટ મૂંઝારો બની ઘૂંટાય છે,
સોગ વચ્ચે ઊઠવાના ડાયરા, રાણી નથી.

સાવ ખાલી મ્યાન જેવો જીવ ટાંગ્યો શ્વાસમાં,
ત્યાં પરોવાતા જતા બે ધ્રાસકા, રાણી નથી.

રૂપના આસવ ઢળે છે, બંધ પરદે ચાંદની,
હોય જ્યારે બંધ ગદનાં પોપચાં, રાણી નથી.

રાતની ચોપાટ પર આ જીવ રહરહ ઝૂરતો,
ને નિસાસા થાય એનાં સોગઠાં, રાણી નથી.

દૂધપીતી થાય 'રાજા હોઉં' એવી વાયકા,
પાળિયાના ચારપાયે ઢોલિયા, રાણી નથી.

## રાજા રાણીની વાર્તાની ગઝલ-૩

કૈંક રાજા! કૈંક ખૂટે એક રાણી હોય તો?
સૂર્યવંશી વેલબુટ્ટે, એક રાણી હોય તો?

ડાયરા વચ્ચે કસૂંબાની નિમાણી અંજલિ,
કેફ એમાં કોણ ઘૂંટે, એક રાણી હોય તો?

ચાકળામાં મોરનો ટહુકોય સંભળાતો નથી,
ડાળ ક્યાં? કે પાન ફૂટે, એક રાણી હોય તો?

ચાળણી જેવી બની છાતી સહે સણકા છતાં,
ધ્રાસકા સનનન્ વછૂટે, એક રાણી હોય તો?

ધાગધાગા જીવ અંતરિયાળ તરફડતો રહે,
ઝાટકે હૈંડુય તૂટે, એક રાણી હોય તો?

સ્વપ્નનું ખંડેર, બાણું લાખ સૂના માળવા,
માંહ્યલો લખલૂંટ લૂંટે, એક રાણી હોય તો?

## રાજા રાણીની વાર્તાની ગઝલ-૪

શૂન્ય રાણીવાસ દોર્યો કાગળે,રાજા વગર;
મ્હેલનો આભાસ દોર્યો કાગળે, રાજા વગર.

અષ્ટમી આંસુની, પીડા-નોમના તહેવારમાં,
એક શ્રાવણ માસ દોર્યો કાગળે, રાજા વગર.

લોહીના પણ સૂર્યવંશો આથમ્યા ઊગ્યા પછી,
વાંઝિયો ઈતિહાસ દોર્યો કાગળે,રાજા વગર.

ગઢ ઉપરથી ખાબકે છે ચીંસ ડોકાબારીએ,
ચંદ્ર પણ ખગ્રાસ દોર્યો કાગળે, રાજા વગર.

કેસરી વાઘા ને સિંધૂડાની દે ત્રમઝુટમાં,
ધડ સુધીનો શ્વાસ દોર્યો કાગળે, રાજા વગર.

## ઈતિહાસ ગોતવા

સળગાવે કોણ આગિયા અજવાસ ગોતવા?
તકતાની લે તલાશ કયો આભાસ ગોતવા?

ને એટલે તો રણ ઉલેચવાનું મન થયું,
હું નીકળ્યો તો સમશીતોષ્ણ શ્વાસ ગોતવા.

એને મળ્યાં'તાં ઝાંઝવાં માળામાં એક-બે,
જેઓ અહીં આવ્યા હતા સહવાસ ગોતવા.

હર આંખ ચૂપ, બંધ કાન, અંધ લાગણી,
ને ટેરવાં ફર્યા કરે છે ફાંસ ગોતવા.

તોતિંગ ભોગળો હતી શબ્દોની હોઠને,
રણમાં થયા'તા કેદ ક્યાંક ઘાસ ગોતવા.

પગલાં તમારાં જોઈને એને અનુસર્યા,
આવ્યા નહોતા કંઈ અમે ઈતિહાસ ગોતવા.

## ઉતરવું?

તૂટી ગયેલ સઢ છે કયા કાંઠે ઉતરવું?
આ ઝાંઝવાં નિરખવા બચવું શું ઉગરવું?

દૃષ્ટિ ગવાક્ષ પરથી જોયા કરે તને,
સોપાન-પંક્તિ નહિ ને આંખોનું ઉતરવું.

આ છાતી કોઈ ફળદ્રુપ ખેતર નથી છતાં,
બે ફેફસાં - રણ મહીં પીડાનું ઉજરવું.

વાંચું ટપાલ હોય ત્યાં મારી બૃહત્કથા,
ક્યાં પુષ્પદંત થઈને મારું ય જનમવું?

વૃક્ષો રૂંધાયલ ગળું ડૂમો તે પંખીઓ,
સીતા સમાન-વનમાં પીડાનું ઉછરવું.

મારા જ હાથમહીં છે જાસો મેં લખેલો,
O, God ! શબ્દ અથવા નિંભાડે સળગવું!

## સોળમું વરસ

મૈત્રી કયો કરાર કરે સોળમું વરસ;
સપનાંની ક્યાં સવાર કરે સોળમુ વરસ?

કોઈ હરણમાં તરફડાટ તીરનો ન હોય,
નિઃશ્વાસ આરપાર કરે સોળમું વરસ.

જ્વાળામુખીનો લેપ કરે દિલના ઘાવ પર,
કહીએ તો, સારવાર કરે સોળમું વરસ.

જળથી અગાધ હોઈ શકો એટલી શરત,
આકાશથી અપાર કરે સોળમું વરસ.

મુઠ્ઠીમાં સાચવેલ જીવ માંડ શોધીએ,
ત્યાં આયને ફરાર કરે સોળમું વરસ.

એ વેદનાનો રોપ લઈ પાય આંસુઓ
જંગલ વિશે વિચાર કરે સોળમું વરસ

બળવા/પલળવા/તૂટવાનો એકડો ઘૂંટે,
જેઓ હજુ પસાર કરે સોળમું વરસ.

## આંદોલન

**બંધનું એલાન :**
શેરીઓ પણ શ્વાસ થંભાવી રહી ફરમાનમાં;
કેટલા આવેશને રાખ્યો હતો ક્યાં મ્યાનમાં?
**પથ્થરમારો :**
હાથ વચ્ચે મોં દબાવીને સહો વરસાદ; પણ,
લોહી તો સમજી શકે છે ક્યાં કશુંયે સાનમાં?
**ટીયરગૅસ :**
ધૂંધળી ગલીઓ, દુકાનો ચૂપ, પગલાં બ્હાવરાં,
એક ટોળું વેદના - ને એ નહોતી ભાનમાં.
**ધરપકડો :**
સાપને છે ફેણ, ફૂંફાડો વળી વિષડંખ હોય,
ઈન્કિલાબી આ હવા લઈ જાવ કોઈ વાનમાં.
**ફાયરિંગ :**
ચીસ પાછી ચીસ, ઘાયલ તરફડાટો શબ્દના,
માગતાં જે ના મળે એ મોત પામ્યા દાનમાં!
**કરફ્યૂગ્રસ્તતા :**
ભીંત વચ્ચે છે દિવસના હાથપગ બંધાયલા,
બારણાંને સ્ટોપરો રાખી રહી છે બાનમાં.
**અને પછી...:**
ચૂંટણી... ને... 'વોટ'નું વેંચાણ, 'નેતાજીનો જય',
કોઈ ખાંભી ખોડશો મા એમની વેરાનમાં!

## પાછા વળ્યા

આયને એહેરા ગયા તરડાઈને પાછા વળ્યા;
રૂપને કાંઠે ગયા શોષાઈને પાછા વળ્યા.

હોય દરદીની પથારી પાસ એવી આવ-જા,
આ સંબંધો બે ઘડી રોકાઈને પાછા વળ્યા.

ને અધૂરી વાત રૂંધાતી રહી છે કંઠમાં,
અર્થ જાણે શબ્દથી શરમાઈને પાછા વળ્યા.

એ કળી ફોરમ વિશે ન્હોતી અજાણી તે છતાં,
કોડ એના અંતરે કરમાઈને પાછા વળ્યા.

આરઝૂઓ વ્યર્થ - પ્રત્યુત્તર વિના ડૂમા બને,
કાટખૂણા પ્રેમના અથડાઈને પાછા વળ્યા.

રણ વિશે કોઈ નથી ફરિયાદ આ વણઝારને,
ઝાંઝવાંથી પણ અમે ભીંજાઈને પાછા વળ્યા.

દુશ્મનોથી ક્યાં અજાણ્યા લાગવા જેવું રહ્યું?
ભીડમાં મિત્રો તણી લૂંટાઈને પાછા વળ્યા.

## હવે ચાલો

થયા જે ટેરવે મેળાપ ટાંચા છે, હવે ચાલો;
અરે! થોડાક સ્પર્શો એય કાચા છે, હવે ચાલો.

સમજ ખામોશ સરહદ પર ઊભી છે લંગડી થઈને,
મુખે બેબાકળી ને સ્તબ્ધ વાચા છે, હવે ચાલો.

ધસે છે તીક્ષ્ણ પંજા પીઠ પર ત્રાટકતા પડછાયા,
સંબંધો અંધકારે અંધ ખાંચા છે, હવે ચાલો.

ચપોચપ થાય છે ક્યાં સ્વપ્નને રૂંધાયલા શ્વાસો,
અહીં જળનેય રેતીના જ ઢાંચા છે, હવે ચાલો.

સમયનું રણ અને અસ્તિત્વમાં આંધી ફરી આવી,
લબડતા શ્વાસનાં ઊંટે લબાચા છે, હવે ચાલો.

## નદી (ત્રિપદી)

નામ દઈ દરિયો પછી બોલાવશે;
આ નદીને લઈને બાહુપાશમાં,
પ્રેમપત્રો કેટલા સંભળાવશે?

જે વહી'તી ગુર્જરી તોડી થઈ;
એ નદી રેતીનું ઈંડું સેવતી,
ચીસ પાડે આજ ટીટોડી થઈ.

ક્ષીણ કોમલ દેહવલ્લી કામિની;
નિમ્ન નાભિ શા વલય, પાંડુચ્છવિ,
આ નદી છે કોઈ અલકાવાસિની.

કાચબાની પીઠ પર લાદી નદી;
શંખમાં સંતાડી ગોકળગાય ક્યાં -
લઈ જવાની આમ વરસાદી નદી?

## જેસલમેર

ચાર આંખોમાં પલળતા શ્હેર જેવું છે કશું?
નીડમાં આ ઘેર - પેલા ઘેર જેવું છે કશું?

ઝાંઝવાંને તું હથેળીમાં ઉછેરી પૂછ મા,
ભાગ્યરેખામાં અહીં ખંડેર જેવું છે કશું?

ઓટલાઓ હાથ ઘસતા હોય છે શેરી મહીં,
સામસામા બે ઝરૂખે વેર જેવું છે કશું.

ઊંટના છાંયે પડેલા ભરબપોરે થાકને,
જિંદગીનું સ્વપ્ન પડખાભેર જેવું છે કશું?

રેતના ઢગ... વાદળાં ખાલી... ચરણ પાછાં ફરે...
જિંદગીમાં ક્યાંય જેસલમેર જેવું છે કશું?!

## કાકુ* શબ્દપ્રયોગની ગઝલ

ઓહ! થોડાં ઝાંઝવાંઓયે નહીં;
ઓહ! થોડાં ઝાંઝવાંઓયે નહીં?
નામ જેવી વાયકાઓયે નહીં?
નામ જેવી વાયકાઓયે નહીં!

હું - તમે - નહોતા - અને એ ચાંદની,
હું... તમે નહોતા... અને એ ચાંદની,
શ્વાસ, થોડા વાયરાઓયે નહીં!
શ્વાસ થોડા, વાયરાઓયે નહીં?

એક હું વરસાદમાં કોરો રહું?
એક હું વરસાદમાં કોરો રહું.
કે મને તો ઝાપટાંઓયે નહીં!
કે મને તો ઝાપટાંઓયે નહીં?

ના, તમે માનો અને એ થાય તો?
ના તમે માનો - અને એ થાય તો -
ઝાંઝવાંને યાચનાઓયે... નહીં?
ઝાંઝવાંને યાચનાઓયે નહીં!

*** કાકુ - ધ્વનિવિકાર (મમ્મટ) વાક્યમાં વિરામચિહ્નોના ઉપયોગને લીધે અને બોલચાલના લહેકાને લીધે અર્થપરિવર્તન થાય તે કાકુ કહેવાય.**

## જન્માષ્ટમી

ખખડધજ ભીંત ક્યાંથી તેજનાં કોમળ ચરણ પ્રસવે;
હવાથી જેલ આ કેવી રીતે ચંચળ હરણ પ્રસવે?

શિલાઓ જેમ ખડક્યા અંધકારો ચોસલા વચ્ચે,
શિખરનું મૌન જાણે નાદમય ખળખળ ઝરણ પ્રસવે.

ગળામાં ડૂસકાંની હોય બેડી શબ્દને ત્યારે,
અહીં આકાશ લ્યો આષાઢનું વાતાવરણ પ્રસવે.

દિશાને શીખવે છે કોણ આ રોમાંચની ભાષા,
અરે! આ બ્રહ્મનું ઠૂંઠૂં વળી લીલું પરણ પ્રસવે!

હું યમુનાનો ધરો કે વાંસળી, ગોપીની વિહ્વળતા,
મને મારા વિશે હું-મય બની મારું સ્મરણ પ્રસવે.

## હોય છે

શબ્દથી દૂર વાચા ફળી હોય છે;
માંહ્ય સુરતા જ સામી મળી હોય છે.

કોડિયામાં બળે છે તિમિર ઘી બની,
જ્યોત આઠે પ્રહર પ્રજ્વળી હોય છે.

કાળના સર્વ ભંડાર ખાલી કરી નીકળ્યા,
ક્ષણ મહારત્ન-શી ઝળહળી હોય છે.

'દૂર' ને શોધીએ, 'પાસ' આવી મળે,
એમ શ્રદ્ધા જ કોને ફળી હોય છે.

'જાણ'નો આ મલક આપણો સાંપડે,
સરહદો આપણી આંગળી હોય છે.

# ગીત

## હું અને મને

બે કાંઠે કોઈ વેલવાચક લીલાશ લઈ તારું પલટાઈ જવું ફૂલમાં
મારું અમથું જોવાઈ જવું ભૂલમાં

માળામાં તરણું લીલાશ લઈ આમ
મારું સંડોવાવાનું એક યાદમાં
ફાટું અવાવરું અભાવ એથી ખૂંચે છે
મારા ને હોલાના સાદમાં

વૃંદાવન જેવું તું વસતી ક્યાં હઈશ? હું તો ગોત્યા કરીશ ગોકુળમાં
મારું અમથું જોવાઈ જવું ભૂલમાં

ને કાલે પાંગળાએ ઓળંગ્યો પ્હાડ
ત્યારે પાંગળાનું ભાગ્ય મને ખૂંચ્યું
મન્વંતર ચાલવાનું દુઃખ લઈ થાકભર્યું
મેં મારા પગલાને મૂક્યું

એવું લાગે કે નદી થઈ ગઈ તરબોળ કોઈ મોજાના સગપણથી ધૂળમાં
મારું અમથું જોવાઈ જવું ભૂલમાં

## અર્જુનવિષાદયોગ

પણછ વિનાનું ધનુષ થઈને કેમ કરી હું લડું?

પરસેવાનાં પલાણ ફેંકી અડિયેલ લોહી નાસે,
આંખો, શ્વાસો, જીવ બ્હાવરા, દોડું કોની વાંસે?

હાંફે મારી જિજીવિષાઓ કયા અશ્વ પર ચડું?
પણછ વિનાનું ધનુષ થઈને કેમ કરી હું લડું?

સંબંધોના ટોળાં શાથી એક ઝાટકે તૂટે?
જીવ દૂઝણો ઘાવ બનીને રોમરોમથી ફૂટે.

આંખો તો રણ, હું ગંધાતું શબ, કેશવ! શું રડું?
પણછ વિનાનું ધનુષ થઈને કેમ કરી હું લડું?

## ચાંદનીમાં ફળિયાં

રામજી ને શબરી બે વાતોમાં લીન બોર ભેગાં ખવાઈ જાય ઠળિયા
એમ ચાંદનીમાં જોતો હું ફળિયાં

તાંબાની તાંસળીમાં શેડકઢું દૂધ –
જાણે ચાંદનીનું એક નવું રૂપ
દાદાની વારતાને સાંભળતા હોય એવા
ટાબરિયાં – તારા – સહું ચૂપ

પામે સતનાર'ણની કથા પછી ભક્ત જેમ સાકરના શિરાના પડિયા
એમ ચાંદનીમાં જોતો હું ફળિયાં

ગોઠણના ગૂમડાંને બણબણતી માખ જેમ
ઝાડવાને છાંયડીઓ ઠોલે
ચાંદાનું અડધું સ્તન ખુલ્લું રહી જાય એમ
છાતી તળાવડીઓ ખોલે

પોટલી સુદામાની તાંદૂલની ખોલીને આરોગે ભૂધર શું રસિયા!
એમ ચાંદનીમાં જોતો હું ફળિયા

## કોઈ કળીને ફૂલ થવા આવાહ્ન

ટહુકો તો છે કોઈ કળીને ફૂલ થવા આવાહ્ન

પવન ડાળને પાન ટકોરો દઈ પૂછે કે આવું?
ચાલ, લચકતા જવા-આવવાનું હું તને બતાવું
ખિસકોલીનાં ઝાંઝર પ્હેરી સવાર એને ગોતે
શાપિત રાજકુમારી જેવી કળી હોય છે પોતે

સુગંધાંગુલિમાં કઈ લહરીમાં સ્પર્શે છે કંપન
ટહુકો તો છે કોઈ કળીને ફૂલ થવા આવાહ્ન

કળી-કળીમાં રૂપ રૂપ, હું ચીંધું કોને કોને?
આંખોના ભોળા ચુંબનમાં શું બાકી છે જો ને!
મને સામટું જંગલ ચાહ્યાનું લાગ્યું છે ઘેલું
છે ચાહ્યાની ઘટના, બાકી આ યે નહિ કે પેલું

ટહુકામાં છે કળી તણાં ચુંબનની આવનજાવન
ટહુકો તો છે કોઈ કળીને ફૂલ થવા આવાહ્ન

## વાડ ઠેકતી આંખો

અવાવરુ આ મારા ઘરમાં એવું તે શું ખૂટે?

ગુલમ્હોરે આ બંધ બારીઓ ધક્કો દઈને ખોલી
ને બારીઓ કબજો લઈ બેઠી પંખીની બોલી
ઘાસ નામનો કાગળ ફોડી આંખ વાંચવા બેઠી
આ નઘરી ચકલીઓ મારા ઘરમાં શીદને પેઠી

કળી ચૂંટતી હોય - મને આ ભીંતો એમ જ ચૂંટે

તને ગોતવા બેસું હું કઈ ખિસકોલીની ઝડપે
ખોડંગાતાં પતંગિયાઓ અહીંથી તે તહીં તલપે
વચ્ચે આંતરવા બેઠેલી વાડ ઠેકતી આંખો
(આ મૂર્છિત ઘરની બારીને કોઈ વિંઝણો નાખો!)

હવા ખંડની કોરી પાટીમાં બે અક્ષર ઘૂંટે

## યાદ આવે

છૂટા પડ્યાં'તાં ત્યારે છેલ્લી વેળાનો તારો ડૂમાતો સાદ યાદ આવે

એક ગ્લાસ પાણીને રેડવાથી વાદળનાં બંધાવા બાબત છે શ્રદ્ધા?
ગોફલાના પથ્થર પણ બહુ બહુ તો પથ્થર છે, પંખીઓ થાય આભછૂટા!

આભ તારી કીકીમાં આખ્ખું તરબોળ હોય એવો વરસાદ યાદ આવે
છૂટા પડ્યાં'તાં ત્યારે છેલ્લી વેળાનો તારો ડૂમાતો સાદ યાદ આવે

રૂંધીને શ્વાસ કોઈ ચડતા ઢોળાવ હવે રૂંધાતો શ્વાસ અને છાતી
તળિયા વિનાની કોઈ હોડીની વાત હવે ખાલી હથેળી કેમ થાતી?

મોજું ન હોય કોઈ દરિયો ન હોય કોઈ જળનો સંવાદ યાદ આવે
છૂટા પડ્યાં'તાં ત્યારે છેલ્લી વેળાનો તારો ડૂમાતો સાદ યાદ આવે

## પ્રણય-કલહનું ગીત

રેતી કહું તો તને ખોટું લાગે ને તને પાણીનું નામ કેમ દેવું?

મારા સોગંદ ખાઈ બોલ, મને ભીંજવતી
વાદળી કદીય બની છે તું?
ડાળખીની શીળી શી છાંયડી થઈને
સ્હેજ મારા પર કદી નમી છે શું?

પાંપણના બે કાંઠા કોરા રહી જાય ત્યારે એને કહેવાય કેમ વહેવું?
રેતી કહું તો તને ખોટું લાગે ને તને પાણીનું નામ કેમ દેવું?

તું જ્યારે ટીપુંયે દઈ નથી શકતી
તું સરવાણી હોય તો એ અફવા
વેદનાની ડાળ મારા હાથ અને
વૈશાખી તડકો તે હાથમાંનો લકવા

ડુંગરાની લ્હાય બળે પગમાં છતાંય તારું કોરો અષાઢ બની રહેવું!
રેતી કહું તો તને ખોટું લાગે ને તને પાણીનું નામ કેમ દેવું?

## ચકલીઓને જોતાં જોતાં...

ઘાસ ઉપર વેરાઈ ગયેલી ચકલીઓને જોતાં જોતાં...

હલે હવાના કાન બગાયું જેમ બાઝતા છાંયા-તડકા
છેક ઝાડની ટોચે પહોંચે લાલઘૂમ ગુલમ્હોરી ભડકા
પાન અને ખિસકોલી વચ્ચે જામી પકડાપકડી
કોણ ગાંસડી વાળે આ મેદાન ખૂણાથી પકડી?

ઘાસ વડે આ વૃક્ષોના પડછાયાઓને ધોતાં ધોતાં...
ઘાસ ઉપર વેરાઈ ગયેલી ચકલીઓને જોતાં જોતાં...

અલ્લક મલ્લક રમવા બેઠા વાડ અને આ મારાં લોચન
કાલું બોલું ઝાડ કરે છે હોલાઓ પણ રહીને ગોપન
અદકપાંસળું ઘાસ ટેકરી ચડે-ઊતરે અમથું અમથું
ઝરણાંએ તો રેતીના સાફામાં છેલછબીલું ફૂમતું

થાળાના બોઘરણે લીલી ધમરખ છાયાં દ્હોતાં દ્હોતાં...
ઘાસ ઉપર વેરાઈ ગયેલી ચકલીઓને જોતાં જોતાં...

## શકુંતલાનું સંવેદન

સખી! મને વલ્કલ જરાક ઢીલું બાંધ
કે મને હવે ઊડી જઉં, ઊડી જઉં થાય રે...

આંખો તો હરણાના બચ્ચાની જેમ કૂદે
નાસે દોડે ને જુએ વિસ્મિત
જંગલમાં ઉછળે છે લીલીછમ લોઢ
જાણે ચોમાસું ભરતીમાં વિલસિત

અડધી સમજાય એવી કળીઓની ભાષામાં
ખૂલી જઉં, ખૂલી જઉં થાય રે...
સખી! મને વલ્કલ જરાક...

પગવાસી થાકને હું રસ્તો પૂછું તો પછી
પાંપણમાં ઝરણું છલકાય
મારી છાતીમાં મારા પાળેલા હરણાની
ઠેક મને આજે અથડાય

કોણ જાણે માલિની ફૂટી રહી અહીંયાં કે
ડૂબી જઉં, ડૂબી જઉં થાય રે...
સખી! મને વલ્કલ જરાક...

## શકુંતલાનું ગીત

અડવી લાગું છું મને પોતાને હું જ
મારી વીંટી વિનાની જેમ આંગળી

વાયદો દઈને બધા ચાલ્યા પ્રસંગ
એને રોકી શકાય એવું ક્યાં છે?
કોઈ મને પથ્થરની અહલ્યા બનાવી દો ને
મારામાં શ્વાસ જેવું ક્યાં છે?

આંખ ભરી છલક્યાનું મૂકો મા આળ
ગીત અડધું ને ફૂંક વિના વાંસળી
અડવી લાગું છું મને પોતાને હું જ...

પાણીની માયાવી પાથરેલી જાળ
એમાં દુર્ભાગી હું છું કે દરિયા?
પથ્થર ફેંકું કે ફૂલ - સંભવે તરંગ કેમ?
સગપણમાં પથ્થર છે અહીંયાં

દિવસો પણ ઊગ્યા ને આથમ્યા પછીથી
હવે ઝૂરે ચકોરી એક આંધળી
અડવી લાગું છું મને પોતાને હું જ...

## એક દિવસની વારતા

કાચા દોરાથી મને સગપણમાં બાંધીને કીધું તેં વૈશાખી રાત છે

પોશભરી વીણ્યા તે કાલે ગુલમ્હોર
મારાં એ તો છે લોહિયાળ આંસુ!
ભાગ્ય નામે ચોપાટે ચોરસમાં ઇચ્છાની
સાંઢણીને ચાલવાનું ત્રાંસુ

તરસ્યુંની બાબતમાં મારી ને દરિયાની બાકી તો આમ એક નાત છે
કાચા દોરાથી મને સગપણમાં બાંધીને કીધું તેં વૈશાખી રાત છે

રાતે દેખાય એને સપનાં કહેવાય
અને દિવસે દેખાય એને ઘટના
આંખોને ભીનું તરબોળ જ્યારે ઘેન ચડે
એને કહેવાય ત્યારે છલના

આયનાને પૂછો તો પથ્થર થઈ બેસશે એ એવી પણ એક 'દિની વાત છે
કાચા દોરાથી મને સગપણમાં બાંધીને કીધું તેં વૈશાખી રાત છે

## પ્રિયતમાથી જાતને વિખૂટી કરતાં

કાગળ મઢેલ તારી વાતો ફાડું ને પછી - હાથમાં તો કરચો છે કાચની!

ખાલી કરીને ડાળ જાય છે લીલાશ
કોઈ ઝાડનેય ઝાડ નથી કહેતું
પાંખો કપાઈ જાય ત્યાર બાદ પંખીને
કોઈ આકાશ નથી રહેતું

ઊડું છું એટલે ન પંખી ધારી લો મને - ચપટી છું પાયમાલ રાખની!
કાગળ મઢેલ તારી વાતો ફાડું ન પછી...

પાણીના કલ્પેલા હોજ છે - હયાત; હોજ
છે ને પાણીનું નથી ટીપું
ખાલી પરસાળને હું શણગારું કેમ
મારો પડછાયો કેટલો હું લીંપું?

એને પણ અડકીને જોવી'તી આગ, મારી બળતી હથેળી એ જ લાગની!
કાગળ મઢેલ તારી વાતો ફાડું ન પછી...

## લોચનમાં

લોચનમાં શ્રાવણ ભાદરવો - ને મારે જોઈએ છે ક્ષણનો અષાઢ

જડબેસલાક જાત ખોયાનો વહેમ
મારી ધોવાતી જાય હસ્તરેખા
દ્વારકાને ખોવી તે સુખ છે કે દુઃખ
બોલ જલદી તું - બોલ ચિત્રલેખા

સપનાંની પગચંપી કરવાથી મળતો જો હોય તો બે જણનો અષાઢ
લોચનમાં શ્રાવણ ભાદરવો ...

રેતી ફંફોસવાથી રેતીનું નામ મળે
સંતાડ્યા દરિયાઓ ગુમ
કોનો શૂન્યાવકાશ-વાચક અભાવ
મારી રૂંધાતી ચોવીસમી બૂમ

થોર બની ઉનાળું લેવાના શ્વાસ મારે નજરાણે રણનો અષાઢ
લોચનમાં શ્રાવણ ભાદરવો ...

## ઉત્તરરામચરિતના રામ

ડુંગરા ન હોત તો આ વન ને હું એનું એ વન પણ શકત નહીં માની

બની ગયાં ફક્ત હાડપિંજર આ ડાળખાનાં
વહાલથી ઉછેર્યા તેં ઝાડ
છોડ તો નમાયા કોક ઘટાટોપ જોઉં જેઓ
પામ્યા ન હોય તારા લાડ
ભીંજાતા હતાં બેઉ જળથી તે ઝરણાંની રેતીમાં ભીંજવું છું પાની
ડુંગરા ન હોત તો આ વનને હું એનું એ વન પણ શકત નહીં માની

મેં જ્યાં વિલાપ કર્યો સામેની શિલા એય
પીગળીને બની ગઈ ઝરણું
મુઠ્ઠી નીવાર માટે ઊભું ન હોય વૃક્ષ-છાંયડીનું
કોઈ હજુ હરણું
માધવી-લતાનો પણે મંડપ છે નામશેષ જ્યાં કરતા વાત હતા છાની
ડુંગરા ન હોત તો આ વનને હું એનું એ વન પણ શકત નહીં માની

આપણે વસ્યા'તા ઘીચપણું લઈ, બની ગયા
છૂટાછવાયા વૃક્ષ આજ
આપણું ન હોવાનું ઘાટું-ભેંકાર સુખ -
પણે વૃક્ષરાજિનું રાજ
ઇંગુદી તેલ મૂકી સારવાર કોણ કરે તાજા પડેલ મારા ઘાની
ડુંગરા ન હોત તો આ વનને હું એનું એ વન પણ શકત નહીં માની

## જૂના તળાવે

જૂના તળાવે એની તૂટેલી ભીંતોમાં પાણી વસાવ્યું નવું લાવી

પાણીની ચણ વેરી બરછટ હથેળીઓમાં અમથું તળાવ સ્હેજ બેઠું
ત્યાં તો આકાશ ભૂરી આંખો પ્રસારી એના પાણીને કરી મૂકે એંઠું

ચશ્મા ન હોય બંધબેસતા કદાચ એમ પાણી ગયું છે અહીં આવી
જૂના તળાવે એની તૂટેલી ભીંતોમાં પાણી વસાવ્યું નવું લાવી

કેડિયાની કસો ફાટફાટ થાય એવી રીતે ચોમાસું પહેરે તળાવ
એક્કેય ધોણ ન પડેલ એવું પાણીનું કપડું એ સમજે સ્વભાવ

રદ્દી જાણે કે જન્મકુંડળીની બ્હારનું જ લાવ્યું છે સુખ એ લખાવી
જૂના તળાવે એની તૂટેલી ભીંતોમાં પાણી વસાવ્યું નવું લાવી

## વિષાદસભર ક્ષણોમાં

પછી કુંજડીના કલરવનું હોય નહીં ભાન

પાંખોનો અર્થ મને સમજાવે કોણ
આભ ઝાંઝવાંના તોરણે મઢાઈ જાય
ડાળ-પાન-ઝાડ અને માળો કે ચીસ
એમ એકમેક એવાં છવાઈ જાય

પછી સામસામી આંખોમાં હોય નહીં સાન
પછી કુંજડીના કલરવનું હોય નહીં ભાન

ગોફણના પથ્થરના પડઘાઓ
છાતીના ધબકારે કોઈ વાર વાગે
ડાળીથી પાન જેમ આભ થકી દૂર -
પાંખ થાતી ન હોય એમ લાગે

પછી આખું આકાશ ખાલી ખખડે વેરાન
પછી કુંજડીના કલરવનું હોય નહીં ભાન

## કેદીનાં છ સંવેદન

### ૧

સંતરી! ?શું જાણે તું કેટલામી બેડીમાં
આ મારો કેટલામો હાથ છે?

ચોરીછૂપીથી ફરે બંડખોર લોહી
કાળી ગલીઓમાં જાંબલી શિરાની
જાપતો ઘણોયે હોય ઘટના વિશેનો છતાં
નાસભાગ કરે આંખ છાની

પ્રેમી નજરુંથી નથી છૂટી શકાતું
બાકી સળિયાની કેટલી વિસાત છે?

દિવસોની શાહુકાર આવજાવ પછી
ફરે કેવી શકમંત બની રાતો
બિલ્લીના પગે સ્પર્શ દાખલ થઈ જાય
ત્વચા ઊંઘરેટી પામે સન્નાટો

કાળાં પાણીની સજા પામેલી સ્મૃતિ મને
સાંભરે – તે દિવસો કે રાત છે!

## ૨

પહેરેગીર અહીં મને માને તું બંધ
ત્યારે તું તો જો તું શેમાં બંધ છે?

લાકડીની ફેણ લઈ ફૂંફાડા મારે તે
લાકડી છે એક તારો ટેકો
ચારે દીવાલો હવે તારા કરંડિયાની જેમ
નથી – બોલ શું બીજું તો?

મારે તો આંખોની આડે આ સળિયા છે
પણ તું ક્હે તું શાથી અંધ છે?

ઝાડ જોયાં? આભ જોયું? પાન જોયાં? ફૂલ જોયાં?
ના રે, ના... ના રે, ના... ના રે...
માણસનાં અંધારાં મન જોતાં સ્વપ્ન ખોયાં
હા રે, હા... હા રે, હા... હા રે...

તારા હોવાનું એક ચૂંથાતું મડદું છે અને
તારો પોતાનો સ્કંધ છે

૩

કોણ જાણે બ્હાર કઈ ચાલે છે ઋતુ?
અહીં ચાલે તે સંતરીનો પંડ છે

આંખમાં જડેલ કાળાં-કાળાં તિમિર અને
ખાખી ગીધોનાં થોડા દાંતિયાં
પંખીને પથ્થરનું કાળજું મૂકીને એને
શીખવાડો જીવનાં હવાતિયાં
જીવતો કાં આમ મને ચૂંથી ખાઓ છો -
નથી મૂએલો એટલું જ બંડ છે

લૉકઅપમાં પૂર્યું હસ્તરેખાએ ભાગ્ય
આ હથેળીઓના સાંકડા પ્રદેશે
ભીંતના સિવાય કશું ભીંતનું નથી જ એથી
ચકલું ક્યાં નામનું પ્રવેશે?
ટેકરીના ખોળામાં હશે બ્હાર સૂર્ય
અહીં બંધિયાર શ્વાસોનો ખંડ છે!

ફરી ફરી પંખીને યાદ કરું કારણ કે
પંખી છું નાતથી વિખૂટું
આ કેવું રણ છે કે પાણીને કરી મૂકે -
પાણીની જાતથી વિખૂટું?
જંગલને ક્યાંથી હું યાદ કરી શકું મને
પાંદડું ન જોવાનો દંડ છે!

## ૪

કોણે કહ્યું છે તને છૂટવાનું મારું આ
ફરી પાછી નવી એક કેદ છે

રણને કહો તો કાંક ઠીક છે લ્યો મારા ભૈ
દરિયો ચીંધીને કહો – 'પી જા'
ઝાંપો ખોલીને કહો – પશુઓના વાડાનો
– આમાંનો એક તું બની જા

છ છ કોઠાઓ નર્યા લોખંડી જીતીને
છાણના કોઠામાં મારો ભેદ છે

સંકડાશ! આમ ના તું હરખાવા બેસ
અહીં એવો તો ક્યાં છે અવકાશ?
અરે! તને પાંદડું થવાનું ઘેલું લાગે પણ
તરણુંયે ક્યાં છે લીલાશ?

જળ જેવાં ઝાંઝવાંને જોઈ જોઈ થાકેલી
માછલી તે આ જ મારો ખેદ છે?

## ૫

ફરી વાર કેદી પકડાઈ ગયો
જેમ કોઈ
પાંજરાના પંખીને ઊડતાં ન આવડતું હોય એથી આભને એ છોડી...

પોતાને ફૂલ ગણી લેનારા પાખંડી બાવળથી ફેરવી લે મોઢું
અણઘડતા કેવી સભાન છે કે કહે બધું બધે કાટ ખાધેલું લોઢું

જેમ કોઈ
બધ્ધે કુરૂપતા જ જોઈ જોઈ થાકેલો ચહેરો પણ આરસાને ફોડી...

બિલ્લી-તરાપ, લક્ષ્ય ચૂકે પછી પસ્તાવો અંધારા અંધારા કૂવા
એક વાર સાણસે ઝલાઈ ગયા સાપ માટે એના એ ડાકલા ને ભૂવા

જેમ કોઈ -
ખેતરને લીલું કુંજાર કરી શકનારું પાણી આ રણ બાજુ દોડી...

૬

પહેરેગીર! પહેરેગીર!
તેં જેને બાંધ્યો તે ક્યારનોય
ક્યાંય નાસી છૂટ્યો

લોઢાના દરવાજા જેટલું બે પગ વચ્ચે
અંતર બંધાઈ જવું પીંડીએ
આઠ-આઠ પ્હોરની આ એકધારી કૂચનું
જીવતા ઝલાઈ જવું છીંડીએ

પહેરેગીર! ટાવર પર સાંધેલી આંખ
અને કેટલામો શ્વાસ આજ તૂટ્યો

આંખોની પાર તૂટે દૃશ્યોના સળિયાઓ
સળિયાનાં દૃશ્યો સહુ ગાયબ
ઘટનાની જન્મટીપ પૂરી થયા વિના
- નવી ઘટનાઓ જન્મતી અજાયબ

પહેરેગીર! સ્મૃતિ-સ્વપ્ન ધારણા-પ્રસંગ
છેડેચોક મને કેટલાએ લૂંટયો

## દરિયો ને સોમનાથજી

દરિયો ને સોમનાથજી વચ્ચે  રાશવું ખાલી છેટું

દરિયા હોડી – દીવડા મેલી
આ કાંઠેથી છેક સામે ત્યાં તેજનું તોરણ બાંધે
હાજરાહજુર દરિયો નર્યાં જળનાં
કાળા તીરના ગઢે કાંગરાં પણ બાંધે
આમ ટપે એ આભને કિંતુ
આટલી દીવાલ ઠેકવા કહો તો એ સાલસ ઘેટું

ન મળે જરીય નાક સાલું સોમનાથજીને કે
દરિયાકાંઠે સાવ રે બેઠા રાંક
માછલીઓની ગંધમાં વેરાવળ પીટ્યું તરબોળ
(એમાં લ્યો! કાઢવો કોનો વાંક?)
દરિયાને – સોમનાથજીને હું રેતની ભીનીછમ્મ
મૂઠ્ઠીની જેટલું સભર ભેટું

દરિયો આંટાટોળ કરે છે અહીંયાં
ઘડીક ગરજે, ઘડીક તલખે, ઘડીક ચૂપ
દરિયો ન હોત દરિયો હોતે ભીલડી
તો સોમનાથજીનું એ વલખી બેસત રૂપ
દરિયો તો સોમનાથજી નામે એક
ઘટાટોપ વડલાનું છે નાનકું એવું ટેટું

## રિસામણાંમાં

ગઢના એકાદ બંધ દરવાજા પાછળ
તું રાણી! ક્યાં બેઠી છો ચૂપ?

ડોકાબારીથી કોણ પડતું મૂકે છે
એમ પૂછે તો એ મારી જાત છે
ખાલી પાતાળકૂવે પાણી ખૂટ્યું જ નથી
આયખાના ખૂટવાની વાત છે

દોઢિયુંમાં આવ-જાને રાખી અકબંધ
અને પહેરામાં સાચવે તું રૂપ
ગઢના એકાદ બંધ દરવાજા પાછળ...

કાલ કેફ વિનાના ડાયરાઓ ઊઠશે ને
ઘૂંટ વિના ઝૂરવાનો હુક્કો
કાળમીંઢ જીવમાં ધુબાંગ દઈ ખાબકશે
શ્વાસ પછી શ્વાસ થશે ભુક્કો

આજ મારા દટ્ટણને પટ્ટણ છે રાજ
કાલ કરજે તું પાળિયાને ધૂપ
ગઢના એકાદ બંધ દરવાજા પાછળ ...

## તિરાડ એક અનુભૂતિ

ચાલો તિરાડ પડી કાચ તને એટલે તો આપણે બે બની ગયા સરખા

જોયું જે એને તે ચહેરાનું નામ કહ્યું
મેં એને નામ દીધું ફૂલો
તારા તરંગને તેં કીધી સપાટી
મને લાગ્યો એ ડાળખીનો ઝૂલો

ફૂલો કે ચહેરાઓ ચોમાસું છતાં અલ્યા, કાંઠા બે બની ગયા સરખા

આમ તો તિરાડ તમે સાંધો કે પંપાળો
અડવી હથેળીઓને કાં તો
પૂનમ અમાસ જેવી ભેદરેખા હોય
છતાં કહેવી પડે છે બધી રાતો

તરડાયેલો જ મને હું ધારી બેઠો તો આપણે બે મળી ગયા સરખા

## પરાધીન નાયિકાનું ગીત

તમીં ડોબાનું પૂંછડું ઝાલ્યું ને ઊંધું ઘાલ્યું, પટલભઈ
તમીં ચોમાસું તરસ્યા ગાળ્યું ને તરણું ભાળ્યું, પટલભઈ

અમીં કુંજડીના ઊડવાના સાંસા, રેતીના જાસા, પટલભઈ
અમીં દાઝેલી સીમ તણા ટૌકા, આષાઢના ફણગા, પટલભઈ

અમીં છપ્પનિયા કાળનું તે ખેતર ને વાવવો છે ચૈતર, પટલભઈ
કોડ ચોમાસા જેટલા છે છેટા ને ગણવાના વેઢા, પટલભઈ

ગણી વેઢા વિતાવવાના દન્નને હા! મારવાનું મન્નને, પટલભઈ
મન્ન બળી ગયું છોડવાનું બીયું હવે એ ઊગી રીયું, પટલભઈ

છોડ હોય તો ઊગે રે, અમીં પડતર, શમણાંઓ ઊગે નડતર, પટલભઈ
કેમ શમણાંને આંખમાંથી વાઢું? પગમાંથી ફાંસ કાઢું? પટલભઈ

ફાંસ છે તો કશુંક થાય કળતર, જીવાતું જાય જીવતર, પટલભઈ
આમ જીવતર-ખીલાએ કૂદ્યા કરીએ, ન ડૂબીએ કે તરીએ પટલભઈ

## વિદાયનું ગીત

પડછાયો ઝૂંટવીને જાવ છો ભૂલીને તમે પડછાયા જેટલી નજીકતા

છે મારા લોહીમાંય એવું રણ એક
જેમાં વ્હે છે જે કૈંક એ છે રેતી
છેડો ગોતું છું મારી ઈચ્છાનો
ચાર દિશા સરી જાય હાથતાળી દેતી

મૃગજળ પણ મૂકી નથી શકતા દિશાની સાથે સાચવેલી એટલી નજીકતા

હું તો સંબંધથી વિખૂટું એક પાન, શ્વાસ
વૃંત બની હજી મને બાંધે
(પણ હું જાણું છું...) એક ખરી જતાં પીંછાને
કોઈ આકાશ નહીં સાંધે

હું જ મૂર્ખ સમજ્યો ન્હીં આંખ અને સપનાંને હોય વળી કેટલી નજીકતા?

## આણલદે!

આવ્યા આવ્યા ને તમે આણલદે! સાવ આમ પોતાના ઓરડામાં પારકાં
મારાં સપનાંઓ સાવ હતાં સાવકાં

અમને હતું કે એક ઓરડો ઉમંગ
અમે આણામાં પાથરેલો જોશું
રેતી થઈ બેઠેલી શેતલને કેમ કરી
દરિયાનું દુઃખ અમે રોશું?

ઢાળેલા ઢોલિયાનું નામ થઈ પૂછું કે અમૃત કે ઝેરનાં આ પારખાં?

વાદળીના જોવાની અફવા છતાંય
અહીં ચોમાસુ ખેતરવા દૂર છે!
આંગળીનું ટેરવું ન ભીંજાતું બોળવાથી
કોણ જાણે એવું કયું પૂર છે?

આંખોથી પાંપણની જેટલું જ છેટું ખાલીપો હોય એની વાયકા

## શહેરના એક વૃક્ષની આખ્યાયિકા

ભૂલું પડેલું મને એક ઝાડ જડ્યું

કે એને જંગલનું સરનામું યાદ ન'તું
ન્હોતાં કંઈ યાદ એને ટહુકા
ખરું ખરું થતાં થતાં ખરતાં જે પાન
એની છાતીમાં જેમ હતા સણકા

કે એનાં ફૂલોમાં વ્હાલ બધું દડ્યું!

આ બાજુ, તે બાજુ કરતા એ લોથપોથ
ઊભું રહ્યું... થીજી ગયું... એમ નેમ
ટ્રાફિક ને સિગ્નલ ને ટાવર ને તડકો છે
એના સિવાય બધું હેમખેમ

ધ્રાસકામાં લથબથ થઈ એ ય હવે પડ્યું

## કેવડાની ભીંતમાંથી

કેવડાની ભીંતમાંથી ગંધના કમાડ ખૂલ્યાં
ન્હોતો દરિયો કે ન'તી રેતી
કે જાણે બાંધી મુઠ્ઠીને ક્યાંક ખોલીને
તારી શી વાત થઈ વ્હેતી!

સર્પ જેમ તડકાની પીળી માટીમાં
મને આળોટ્યા જેવી છે છાપ
પંખીની 'તસબી' લઈ ફેરવે છે આભ
મને બારીમાં આ તારા જાપ
બારીમાં બંધિયાર મારામાં આભરૂપ
થઈને તું આરપાર રહેતી

બારી ખૂલે તો એક બહાનું છે
બાકી તો જળ છે તો એને પ્રવાહ છે
વેરેલી ચણ છે કે નીડ છે તે આભ નથી
આભપણું આભનો પ્રવાસ છે
ડાળીને કોઈ જાણે ફૂટે છે પાન ફરી
તું મારું નામ એમ લેતી

## ઢોલીનું ગીત

થાપીના ઘાવ કાળા ડમ્મર ઝીંકાય
મારા ખાલીપા તોય નથી તૂટતા
દાંડિયુંની ત્રમઝૂટે દોથો પોલાણ મારાં
ચામડાંનાં કેમ નથી ફૂટતાં?

આમ તો આ વાગવાનું ખોબો ભરીને 'સુખ'
લાગે આકાશ મને પોલું
જીવતર આખુંય નર્યું જાગતું મસાણ
ગાય છાપરે મરશિયાંઓ હોલું
પીંડિયુંમાં કસકસતો રસ્તાનો થાક
હવે ચપટી રસ્તાય નથી ખૂટતા

સૌને હું પાદર વળાવવાને આવ્યો'તો
પાદર વળાવો મને કોઈ
સગપણ મેં રસ્તાનાં ચીંધ્યા'તાં
આથમણા ઢાળને ચીંધાડો મને કોઈ
મારા ગળામાં મારા આયખાના ભાર
ગળા ફાંસાની જેમ નથી છૂટતા

## સામેનું ઘર અલકા...

તૃષ્ણા! ધુમ્મસના ઘરમાં આ તારું સામે રહેવું -

બિસમિલ્લાખાને બજવી શરણાઈ-રાતનાં સ્મરણો
વૃક્ષોની માથે સૂરજ કૂકડાની કલગી-વરણો
રવિશંકરનું સીતારવાદન વાયુની લહરીમાં
તું ચાલી ક્યાં મને એક માધવને લઈ ગગરીમાં
કઈ રીતે મારા ઘરને પણ મારે પણ ઘર કહેવું?

ઘરમાં વસવું લિબિયાના નિર્જન તડકાનું
એકઅટૂલું પંખી એ છે દુઃખ આખ્ખા વગડાનું
સામેનું ઘર અલકા, અહીંયાં રામગિરિ ટેકરીઓ
કાંઠાંની રેતી રાખીને કઈ નદીનું વહેવું-

## ઝૂરાપાનું ગીત

આંખોથી આંખોમાં દરિયા વીંઝાય અને...
પથ્થરના કાળજામાં સૂતેલા દરિયાની
કાળઝાળ-કાળઝાળ છાતી ભીંસાય અને...

દરિયાની રૂંવાટી-રૂંવાટી બરછટતી
હોય કાંઈ તલપ્યાની વેળ
ખાલી અવકાશ એક પારેવા-પાંખમાંથી
ખરી જાય છલક્યાની વેળ
વાયરાઓ આડેધડ થઈને લેલુંબઘેન
હંફાતા આરપાર એવા ઝીંકાય અને...

કાલ પછી ચણભણતું ચણભણતું દરિયાનું
બહાર પડે એવું છીનાળવું
બહુ બહુ તો નદીઓ સૂકાય! અરે હાય બાપ!
- દરિયાનું નામ કેમ ખાળવું?
એવું ફરમાન કોઈ કાઢો કે દરિયાને
ભરખીને રેતીની ઢગલી પથરાય અને...

## લીલીછમ ક્ષણોનું ગીત

ચાડિયાની જેમ જોઉં પંખીને
ચાડિયાને જોઉં કોઈ પંખીની જેમ

એમ થાય ખેતરની લીલી પથારીમાં હું
આળોટું તડકાની જેમ
વૃક્ષોમાં બેસું હું છાંયડાની જેમ અને
વાડમાં પતંગિયાની જેમ
ખેતરના  ચાડિયાને જોઉં અને ખેતરને જોઉં
એક પંખીની જેમ

પંખીનો પીછો આ ચાડિયાના હાથ
અને ગોફણના પથ્થર સહુ કરતા
પાંદડાંઓ પંખીની જેમ ઊડી જાય ક્યાંક
પંખીઓ પાન બની ખરતાં

પંખીની જેમ જોઉં ચાડિયાને પંખીને
જોઉં ફરી પંખીની જેમ

## કુંભારનું ગીત

ડફણા મારીને ઘણું માર્યું'તું મન, મેર ચપટી તો ચપટી પણ નાક છે
માટીને પાયમાલ કરવા માટે તો આમ ફેરવાતો ગોળ ગોળ ચાક છે

હુંયે જાણું છું મારે પાણી પીવું છે અને
વાસણના ઘાટ બધા સાંકડા
ખોદી ખોદીને બીજું શું હું લાવ્યો છું
મારા પહેલાંનાં પંડ્યનાં જ છાલકાં

આ પણ છે ખેલ એક, આ પણ છે એક ઘાટ, માટી હોવાનો ખાલી વાંક છે

ભઠ્ઠીમાં નાખ મારી અધકચરી જાત
બચી જાય અણુ જેટલું જ આગમાં
આપણે ક્યાં પ્હેલેથી ઉછર્યા છીએ જ સખી
ટહુકો બનીને કોઈ બાગમાં?

દંડૂકે આવેલા ચક્કર ખૂટે તો મને જન્મારા જેટલો જ થાક છે

## ટહુકાઓથી લચી પડેલું આભ

ટહુકાઓથી લચી પડેલું આભ જોઉં તો મ્હોર્યું

પંખીના પડછાયામાંથી સાંજ ડોકિયું કરશે
સૂરજ કયા વિહગને છેલ્લીવેલી ચૂમી ભરશે
હારબંધ કિલકાટો કરતી દિશા દોરશે ચીલા
પીંછામાંથી ખરશે કોઈ ચક્રવાતની લીલા

ખેતરથી તે છેક... નીડનું આ કયું આભલું દોર્યું?

એક સામટા કલશોરોમાં ચાલ બધું ખોવાયું
કયા સૂર્ય, ક્યાં તડકા, આ આકાશ ખરું સપડાયું
ટહુકા જેવી કોઈ છેડતી, સાંજ શરમ-રઘવાઈ
કયા તારલે બજી ઊઠી છે આ એની શહનાઈ!

આકાશે આ એલફેલ સણકાનું સંકટ વ્હોર્યું

## મને પોતાને પામ્યો ના હોઉં એમ

આજ મને પોતાને પામ્યો ના હોઉં એમ...

ઘાસ તો કે 'હાજર છે' શ્વાસ તો કે 'હાજર છે'
હાજર હથેળીએ તળાવ એક
આંખ તો કે 'હાજર છે' પાંખ તો કે 'હાજર છે'
હાજર પંખી થયાની ગ્હેક ગ્હેક

હોઠોની પાતળીક ભીંતને અડીને મારા
પડઘાને પામ્યો ના હોઉં એમ...

ભીંતને કહું કે બોલ રાત તો કે 'રાત'
બોલ ચોમાસુ તો કે 'ચોમાસુ'
શ્હેરને કહું કે મને 'કાંકરિયા' આવેલું -
આંસુ છે તો કે 'છે આંસુ!'

કેટલા યુગોથી મારા છૂટા પડેલા
અર્ધ-પડખાને પામ્યો ના હોઉં એમ...

## :: ડૉ. અશોક ચાવડાનાં અન્ય પુસ્તકો ::

- **કવિતા**

૧. પગલાં તળાવમાં (ગઝલસંગ્રહ), ૨૦૦૩
૨. પગરવ તળાવમાં (ગઝલસંગ્રહ),૨૦૧૨
૩. તું કહું કે તમે? (ગીતસંગ્રહ), ૨૦૧૨
૪. પીટ્યો અશ્કો (હાસ્ય-વ્યંગ કવિતાસંગ્રહ), ૨૦૧૨
૫. ડાળખીથી સાવ છૂટાં (પ્રતિબદ્ધ કવિતાસંગ્રહ), ૨૦૧૨

- **વિવેચન**

૧. શબ્દોદય, ૨૦૧૨

- **અનુવાદ**

૧. ગઝલિસ્તાન (ભારત-પાકિસ્તાનની ઉર્દૂ ગઝલોનો પદ્યાનુવાદ), ૨૦૧૨
૨. દૂરસુદૂર અંતરિક્ષમાં (મૂ.લે. આર્વી ત્રિવેદી), ૨૦૧૩
૩. પાચનતંત્રના રોગો (મૂ.લે.ડૉ. ભીમ કુમાર ઝા), ૨૦૧૩
૪. મહાન ધારાશાસ્ત્રી ડૉ. આંબેડકર (મૂ.લે. ડૉ. એચ. વી. હાંડે), ૨૦૧૬
૫. સરળ આયુર્વેદિક ઉપચાર (મૂ.લે. ડૉ. ભીમ કુમાર ઝા), ૨૦૧૮
૬. આ પ્રાચીન વાદ્ય (મૂ.લે. ઓએનવી કુરુપ), ૨૦૨૧ (સાહિત્ય અકાદમી)

- **સંપાદન**

૧. નખની થઈ નિશાની, ૨૦૨૨ (ડૉ. ચિનુ મોદીની ગઝલો)(ગુ.સા.અકાદમી)
૨. પોતપોતાની તરસ, ૨૦૨૨ (ડૉ. હર્ષદેવ માધવની ગઝલો)
૩. જાગને જાદવા (મનહર મોદીની ગઝલનો આસ્વાદ), પ્રકાશ્ય


### :: પુરસ્કાર ::

૧. સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર-૨૦૧૩, સાહિત્ય અકાદમી, ભારત સરકાર
૨. દાસી જીવણ ઍવોર્ડ-૨૦૧૩-૧૪, ગુજરાત સરકાર
૩. યુવા ગૌરવ પુરસ્કાર-૨૦૧૨, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત સરકાર
૪. ગુજરાત સાહિત્ય અકાદમી શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક-૨૦૧૨, કવિતા
૫. ગુજરાત સાહિત્ય અકાદમી શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક-૨૦૧૨, હાસ્યવ્યંગ
૬. રાવજી પટેલ યુવા-સાહિત્ય પ્રતિભા ઍવોર્ડ-૨૦૧૬, શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન
૭. શ્રેષ્ઠ ગીતકાર, ગુજરાત ટુરિઝમ ફિલ્મ એક્સેલન્સ ઍવોર્ડ-૨૦૧૯-૨૦, ગુ.સ.

### :: સંપર્ક ::

Mobile: 9426 680 633
Email: a.chavda@yahoo.co.in
Website: www.ashokchavda.com

ડૉ. હર્ષદેવ માધવના ગઝલકાર તરીકે ગઝલસ્વરૂપને સિદ્ધ કરે એવા અનેક શેર પ્રસ્તુત સંપાદિત ગઝલોમાંથી નોંધી શકાય તેમ છે. એક ગઝલકાર તરીકે કવિની ખૂબી એમની શૈલી અને તાજગીસભર ભાષા છે. સંસ્કૃત સાહિત્યનો ઊંડો અભ્યાસ કવિને પરંપરા તરફ ખેંચી જાય છે તો સાંપ્રત સમય આધુનિકતા તરફ. આ બંને અસમાન ધ્રુવો કવિ પાસે એક સમાન રીતે આવે છે અને પરિણામે ભાવકને મળે છે નવીન બાની અને સહજ ભાવવિચાર.



ડૉ. હર્ષદેવ માધવ

ગઝલકાર માધવની જેમજ ગીતકાર માધવ પણ એટલા જ જાણવા, માણવા, પ્રમાણવા ગમે છે. કવિ પાસે જેટલી સહજતાથી છંદ આવે છે એટલી જ સહજતાથી લય પણ. કવિએ ક્યાંક લોકલયને વાચા આપી છે, તો ક્યાંક ભાવ-સંવેદનાને અનુરૂપ લય નિરૂપ્યો છે. ગીતોમાં ભાષા અને ભાવ બંનેની તાજગી વર્તાય છે.

ભાવકોની કાવ્યક્ષુધાને પ્રસ્તુત કૃતિઓ વધુ ખીલવશે એની લગીરે શંકા નથી. અંતે, એટલું જ કે સંસ્કૃત સાહિત્યમાં પોંખાયેલું આ નામ ગુજરાતી સાહિત્યમાં પણ એ જ શિખરો સર કરવા તત્પર છે એની પ્રતીતિ 'પોતપોતાની તરસ' સંપાદનમાંથી પાને પાને થઈ રહે છે.

- ડૉ. અશોક ચાવડા

ISBN : 978-93-94337-58-9

9 789394 337589

Rs.160.00

રન્નાદે પ્રકાશન